સંપર્ક સહયોગ સંસ્કાર સેવા સમર્પણ

ભારત વિકાસ પરિષદ - સૌરાષ્ટ્ર કચ્છ પ્રાંત

# વિકાસ જ્યોત

સૌરાષ્ટ્ર કચ્છ પ્રાંત
મહિલા દિવસ
વિશેષ અંક

bvpvikasjyot2020@gmail.com

અંક ૩ ● માર્ચ-૨૦૨૧ ● પ્રકાશક : ભારત વિકાસ પરિષદ, સૌરાષ્ટ્ર કચ્છ પ્રાંત ● સંપાદક : સંપાદક : પ્રો. (ડૉ.) તેજસ પુજારા ● કાર્યકારી સંપાદક : તુષાર છત્રારા



## अंतरराष्ट्रीय महिला दिवस के अवसर पर विश्व की सभी नारी शक्ति को भारत विकास परिषद् सौराष्ट्र-कच्छ प्रान्त की और से

## हार्दिक शुभकामनाएं....










उसका दामन है बड़ा...
दिया उसको अपना प्यार सारा
कहलाई वो स्त्री, कहलाई वो एक नारी
बनकर एक आदर्श उसने किया
जग में उजियारा

**સ્ત્રી એટલે વાત્સલ્ય - સ્ત્રી એટલે માંગલ્ય - સ્ત્રી એટલે માતૃત્વ - સ્ત્રી એટલે કર્તવ્ય**

# સંપાદકીય

**નારી તું નારાયણી, તું છે સુંદર, તુ હી સહજ, ને તું જ છે શક્તિ**

આ મહિલા દિવસની મારી સાથે રહેતી, સ્વસ્તી અને આ પૃથ્વી પર વસતી દરેક મહિલાઓને શુભેચ્છાઓ.

સ્ત્રી એટલે લાગણીઓ થી સભર અને સરળ માનવ દેહ ...જેનામાં ઋજુતા અને શક્તિ સમાન રૂપે વહે છે.. એ જ કાલી છે એ જ છે જગદંબા, અન્નપૂર્ણા.
મહિલા દિવસ આવે એટલે સ્ત્રી સશક્તિકરણની ચર્ચાઓ ચાલુ થાય વાતો થાય. અને ચારેબાજુ કાર્યક્રમો થાય. પરંતુ અત્યારના સમયમાં જાણે કે સ્ત્રી સશક્તિકરણ એટલે કે ભાયડા છાપ કપડાં અને એવી જ વાતો ..જે શક્તિમાં સ્વયં સૃષ્ટિ એ વિશ્વાસ મૂકી સર્જનનું કાર્ય સોંપ્યું હોય, ઉછેરનું કાર્ય સોંપ્યું હોય એવી સ્ત્રીને સ્ત્રી સશક્તિકરણની શું જરૂરિયાત??? પરંતુ એને તો જરૂરિયાત છે થોડી જાગૃતતાની.. મિત્ર વર્તુળમાં બેસીને સુંદર છોકરી જોઇને "ભાઇ શું માલ છે" બોલવામાં જેને શરમ નથી આવતી એવા ભાઇઓ ને પણ જરૂર છે સાથે જ જાગૃતતાની ... જે સ્ત્રીઓ ફક્ત કપડા ઉપરથી પોતાને શક્તિ સાબિત કરવાનો પ્રયત્ન કરે છે એના વિચારોમાં પરિવર્તન લાવવું એ જ સાચું સ્ત્રી સશક્તિકરણ....

સ્ત્રીની અંદર લાવારસની જેમ છુપાઇ રહેલી શક્તિને બહાર લાવવી અને યોગ્ય દિશા તરફ વાળવી એનામાં આત્મસન્માન જાગૃત કરવું એ જ સાચું સ્ત્રી સશક્તિકરણ છે,, ઘરમાં અડધો રોટલો હોય અને મેં જમી લીધું છે એમ કહેનાર એક સ્ત્રી જ હોઇ શકે, અને જ્યારે બાળકનો જન્મ થાય ત્યારે જે અસહ્ય પીડા છે એને હસતા મોઢે સહન કરી આજ પીડામય પ્રસંગને આખી જિંદગી આનંદમય દિવસ તરીકે ઉજવી શકનાર પણ એક સ્ત્રી જ હોઇ શકે, આજ સ્ત્રી જ્યારે બીમાર પડે ત્યારે તેને પોતાની તબિયત કરતા પરિવારના ભોજન અને ઘરના કાર્યની ચિંતા હોય છે, પરિવારના દરેક ની નાનામાં નાની જૂની વસ્તુ સાચવનારી સ્ત્રી હકીકતમાં તો એ વસ્તુ નથી સાચવતી એ સ્મૃતિઓ સાચવે છે એ સમયને સાચવનાર ટાઇમ ટ્રેઝરર છે

પુરાણો ની વાત કરીએ તો સંસ્કૃતમાં એક શ્લોક છે 'યસ્ય પૂજ્યન્તે નાર્યસ્તુ તત્ર રમન્તે દેવતા' અર્થાત જ્યાં નારીનું પૂજન થાય છે ત્યાં દેવતાઓ નિવાસ કરે છે નારીનું પૂજન કરવું એટલે એને બાજોઠ ઉપર બેસાડી દીવો અગરબત્તી કરવું એવું ક્યારેય થતું ન હતું.. પરંતુ એને પૂર્ણ સ્વતંત્રતા આપી તેનું સન્માન કરવું એ આપણી સંસ્કૃતિ હતી..

આપણી સંસ્કૃતિ પહેલેથી જ પૂજ્ય રહી છે જ્યારે પશ્ચિમ ની સંસ્કૃતિ પહેલેથી જ ભોગ્ય રહી છે.. પરંતુ ઘણા વર્ષો સુધી આપણે આ વાત ભૂલી નારીનું અપમાન અને અવલેહના કરતા રહ્યા ..પરંતુ જે રીતે અત્યારના સમયમાં આપણું આયુર્વેદ પાછું આવી રહ્યું છે એ જ રીતે ફક્ત મહિલા ઉત્કર્ષની વાતો નહીં પરંતુ નક્કર કાર્યો અનેક રીતે થઇ રહ્યા છે.. થોડા સમય પહેલા જ એર ઇન્ડિયાની એક ફ્લાઇટ બેંગ્લોર થી સાનફ્રાન્સિસ્કો માટે ઉપડી તેમાં સંપૂર્ણ પાયલોટ થી માંડીને દરેક સ્ટાફ મહિલાઓનો હતો આ સમાચાર ખૂબ મોટા બ્રેકિંગ ન્યૂઝ બન્યા ..અને આ સમાચારને ફક્ત મહિલાઓ એ જ નહીં પરંતુ પુરુષો અને સમાજે પણ એટલા જ વધાવ્યા ..સમાજ અને પુરુષોમાં પણ નારી પ્રગતિ નો સ્વીકાર ભાવ આવી રહ્યો છે.. મહિલાઓની પ્રગતિ સાથે આ પણ એટલું જ જરૂરી છે ..આપણે તો એ સંસ્કૃતિ ના વંશજ છીએ જ્યાં દીકરી જન્મી એમ નથી કહેતા પરંતુ લક્ષ્મીજી પધાર્યા એમ કહીએ છીએ..

આજ રીતે પોતાનામાં રહેલી ઋજુતા ને સાચવી અને શક્તિનો ઉપયોગ કરી એકબીજાના પગ ખેંચવાની જગ્યા એ દરેક મહિલા એકબીજાનો સાથ આપી હાથ પકડે અને સમાજ પણ એની આ પ્રગતિને વધાવે એવી શુભેચ્છા.

**સકળ સૃષ્ટિને મહેંક મળે, જ્યાં નારીને સન્માન મળે, આ જગતની અજબ લીલા, નારી થી સંસાર વસે.. અવની પર ના આગમનને, નારી થકી જ અવતરણ મળે.**

**વિરલબેન કાર્તિકેય પારેખ**
સંપાદક, મહિલા વિશેષાંક
મહિલા સંયોજિકા, સૌરાષ્ટ્ર-કચ્છ પ્રાંત



## શુભેચ્છા સંદેશ

નમસ્કાર..

સૌરાષ્ટ્ર કચ્છ પ્રાંતના મહિલા સંયોજિકા વિરલ બેન પારેખ, ટ્રસ્ટીગણ, પ્રમુખશ્રી, મંત્રીશ્રી, વિકાસ જ્યોત ના સંપાદક અને અન્ય સહયોગી શ્રી ઓ,

૮ માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે નારી શક્તિ વિશેષાંક માટે સમગ્ર ટીમને ખુબ ખુબ શુભેચ્છા

સ્ત્રી માં ચેતના પ્રગટાવવાની પ્રક્રિયા એટલે કે સ્ત્રી સશક્તિકરણ, સ્ત્રીની શક્તિ અમાપ અને અપાર
શક્તિ ...શક્તિ... શક્તિ ...
નારી હવે તું નથી દાસી ..
બિચારી બાપડી અને અબળા..ભણી-ગણીને પગભર થઇને તું..
હવે થઇ છે સમર્થ સશક્ત સબળા
તું છે માતા તું છે ધાતા ,
તું છે રજની તું છે નારી નારાયણી ,
તું છે માતૃશક્તિ તું છે દેવી શક્તિ
તું છે જગ સ્વામીની
શક્તિ ...શક્તિ... શક્તિ...



**શ્રીમતી પ્રવિણાબેન ઠક્કર**
મહિલા સંયોજિકા
ભારત વિકાસ પરિષદ- મધ્ય પ્રાંત

वंदे मातरम !

यह जानकर अति हर्ष हुआ कि सौराष्ट्र कच्छ प्रांत महिला दिवस के अवसर पर एक e-magazine का प्रकाशन करवा रहा है। जीस प्रकार ऑक्सीजन रक्त को शरीर के हर कोने तक पहुंचा कर उसे सक्रिय बनाती है उसी प्रकार ही हम स्त्रियां मां बहन पत्नी बेटी के रूप में पुरुष के जीवन को सरल व सुगम बनाती है। वह उसकी नर्स, डॉक्टर ,सहचारी, पथ प्रदर्शक एवं गृहणी बनकर विभिन्न भूमिकाएं निभाती हुई उसके जीवन को समाज को जीवंत बनाए रखती है। आज की नारी ,गांव की स्त्री सब सदियों की धूल झाड़ कर एक नए तेवर से उठ खड़ी हुई है और उसकी तेजस्विता से कोई देश अछूता नहीं है। दुनिया भर की नारी ने जीस स्थिति को झेला है उसने उसे बदलने की सार्थक कोशिश भी की है। बच्चों एवं समाज को संस्कारित करने की जिम्मेदारी भी महिलाओं पर ही है, संस्कृतिया तो जीती ही नारी के सहयोग से है। जप, तप, व्रत, संयम और नियम जो भारतीय संस्कृति के अभिन्न अंग है उनका सतत पालन करते हुए वह मनुष्य को संस्कृति में जीना सिखाती है। आज की आधुनिक कहलाने वाली स्त्री से कहना चाहेंगे कि विचारों से भले ही स्वतंत्र रहो परंतु संस्कारों से बंधी रहो तभी अपने राष्ट्र को विश्व गुरु के गरिमामय पद पर आसन कर पाओगी। मैं इस मैगज़ीन के सफल प्रकाशन के लिए अपनी शुभेच्छा प्रेरित करती हूं एवं आशा करती हूं कि इस में प्रकाशित विभिन्न लेखों से हमारी महिलाएं लाभान्वित होगी और उनकी लेखन कला का भी विकास होगा।

धन्यवाद !





**अविनाश शर्मा**
राष्ट्रीय चेयरपर्सन
महिला एवं बाल विकास

નમસ્કાર,

ભારત વિકાસ પરિષદ ઉત્તર પ્રાંત વતી વિશ્વ મહિલા દિવસ નિમિત્તે સૌરાષ્ટ્ર પ્રાંતને અભિનંદન પાઠવું છું ભારત વિકાસ પરિષદ દ્વારા મહિલાઓ પોતાનામાં પડેલી શક્તિઓ ને ખીલવી શકે તે માટે અવાર નવાર ખૂબજ સુંદર પ્રોગ્રામ નુ આયોજન કરવામાં આવે છે. સંપર્ક, સહયોગ, સેવા, સમર્પણ અને સંસ્કાર, આ તમામ મુદ્દાઓ ને ધ્યાનમાં રાખી ને સંસ્થા કાર્ય કરે છે.. સંસ્થા સાથે જોડાયેલા લોકો નો વ્યક્તિગત વિકાસ પણ સારો થાય છે

આવા સુંદર કાર્યક્રમ કરી માનવ વિકાસ માટે પ્રયત્ન કરવા બદલ હું ભારત વિકાસ પરિષદ સૌરાષ્ટ્ર પ્રાંતના મહિલા સંયોજક શ્રીમતી વિરલ બેન પારેખને ને ખરા હૃદયથી શુભેચ્છા પાઠવું છું

વંદેમાતરમ્



**સોનલ મોઢ**
મહિલા સંયોજિકા
ભારત વિકાસ પરિષદ,
ઉત્તર પ્રાંત



## શક્તિ સ્વરૂપા

**પ્રા.ડૉ.ઉષાબેન લાડાણી/હાંસલિયા**
કેશોદ

'નારી તું નારાયણી'આ વેદ વાક્યમાં નારી શક્તિનો મહિમા છે.'સ્ત્રી સશક્તિકરણ'સ્ત્રીની અવર્ણનીય શક્તિનો પરિચાયક બની રહે છે.'માતૃ દેવો ભવ' માં માતાનો માતૃત્વભાવનો નારીશક્તિનો જ નિર્દેશ થયેલો છે. ખરેખર નારીને કોઇ ધર્મ નથી'નારી' શબ્દનો કોઇ સંપ્રદાય નથી, 'નારી' નો સીધો સંબંધ હૃદય સાથે છે, ભાવનાશીલતા છે.

વિશ્વના ધર્મ શાસ્ત્રો, પુરાણોમાં જોઇએ તો 'નારી' કેન્દ્રમા છે. રામાયણમા સીતા, મહાભારતમાં દ્રૌપદી વિના ના આ મહાકાવ્યોની કલ્પના થઇ શકે તેમ નથી નારી એ ભારતીય સંસ્કૃતિની ભક્તિપીઠ છે. સમ્રગ સંસારની ધરોહર નારીશક્તિ છે. સમાજનો વિકાસ સમાજની પ્રગતિ હંમેશા થતી રહી છે તેનાં કેન્દ્રમાં હંમેશા નારી જ રહી છે. શ્રેષ્ઠમા રાષ્ટ્રીય સંસ્કૃતિનું ગૌરવ અને વિશ્વ વાત્સલ્યનું નજરાણું છે.સશક્ત નારી રાજ્યની શક્તિનું પ્રતિક બની શકે તેમ છે. દરેક સમાજની નારીશક્તિ પરિવાર-સમાજ-રાષ્ટ્રને સમૃધ્ધ તથા અર્થતંત્રને મજબૂત બનાવી શકે છે.

સાહસ, સહનશીલતા અને દ્રૃઢતાની મૂર્તિ એક સ્ત્રી અલગ-અલગ રૂપમાં દરરોજ જવાબદારીઓ આબાદ નિભાવતી રહે છે. દરરોજ નવા પડકારોનો સામનો કરે છે. રિવાજોમા પરિવર્તન લાવી પોતાના આત્માવિશ્વાસની તાકાતના જોરે સર્વોચ્ચ પદો પર બિરાજમાન થઇ છે આજની નારી Skill+Will+Zeal=Win(કૌશલ્ય+ઇચ્છાશક્તિ+ઉત્સાહ=વિજયપ્રાપ્તિ)ના સૂત્રને સારી રીતે સમજવા - વિચારવા લાગી છે.

ગુજરાતની માતૃશક્તિને ઉજાગર કરતી યોજનાઓ સમાજની સુદ્રઢ માળખાની અનિવાર્યતા છે. આજે સમાજમાં સ્ત્રી ગૌરવભેર-સ્વમાનભેર જીવી શકે તેવા સતત પ્રયત્નો થઇ રહ્યાં છે.

## આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ

૮ માર્ચ વિશ્વ મહિલા દિવસ કદાચ આજ દિવસે વિધાતાએ સૃષ્ટિના નિર્માણની શરૂઆત કરી હશે તેને આગળ વધારવાનું કામ એક નારીએ કર્યું, માં એ ક્યું, માં છે તો સૃષ્ટિ છે, સંસાર છે. કોઈપણ માં એક નવા સંસારનું નિર્માણ કરી શકે છે. નારી શું છે ?

ધણા પુરુષો માને છે મહિલાને પુરુષોનો આધાર તો જોઇએ જ એતો વેલીની માફક કોઇ વૃક્ષ ને આધારે જ ચડે છે. પરંતુ મહિલા જ એક વૃક્ષ છે અને પુરુષ વેલ છે. તેથી જ કહેવાયું છે કે **"હર સફળ મર્દ કે પીછે પાઓગે છૂપી એક નારી"**

એક સફળ પુરુષ ની પાછળ એક સ્ત્રીનો જ હાથ હોય છે. પ્રત્યેક સામાન્ય અને વિશેષ પુરુષની પાછળ એક મહિલાનું તપ, ત્યાગ આધાર બની ઉભો હોય છે. **"ચાહે ધરમે હી રહી થા રણમે તુને પહચાન બનાઈ."** વૈદિકકાળ થી આજ સુધી ઘર આંગણું હોય કે રણ આંગણ મહિલા કથારેય ઓછી ઉત્તરી નથી.

**"હૈ કોન ક્ષેત્ર અબ મૈસા ના તુને ધાક જમાઈ "**

સ્કૂલ કોલેજની પરિક્ષાથી લઇ દરેક કોમ્પિટિશનની પરીક્ષામાં કન્યા જ મેરીટ લીસ્ટમાં વધુ બેઠું હોય છે. દરેક ક્ષેત્રમાં આજે મહિલા અટલ અચળ અને અડગ છે, **"ગૃહસ્થ બનતી ચલતી વખતી હૈ ઉસે સજા કર અપને હી આકર્ષણ સે રખતી હૈ સબ કો જચા કર"**

એક ઘર ને ચલાવવું એ એક ફેકટરી ચલાવવી કે સંગઠન ચલાવવા કરતાં વધુ મુશ્કેલ છે. એક મહિલા કેટલી સરળ રીતે બધા સંબંધોને સાચવી રાખે છે. મહિલામાં ઘર ચલાવવાથી માંડીને રાષ્ટ્ર ચલાવવાની શકિત રહેલી છે.

મહિલા દિવસ માત્ર મહિલાઓ માટે જ સમર્પિત છે, તો મહિલાને સદાને માટે તેના અધિકાર માન-સન્માન પ્રાપ્ત થવા જોઈએ.

**ખુદ ઉઠ ના હોગા તુમ કો જબ પ્રયત્ન પ્રયાસ બનેગા, સુશિક્ષિત બન સંગઠિત હોકર,**
**નિકલો સ્વાભિમાન જગેગા ફિર વકત ભાગ્ય લીખેગા વિજય કા ગાન"**



**શ્રીમતી અરૂણાબેન ચોવટિયા**
ભારત વિકાસ પરિષદ
રણછોડનગર શાખા

## "મહિલા દિવસ વિશેષ"

મહિલા..વામા..સ્ત્રી..નારી...

હા,..હુ નારી છું.કોઇ ની દીકરી,કોઇ ની બહેન,કોઇ ની નણંદ,કોઇ ની પત્ની,કોઇ ની વહુ,કોઇ ની ભાભી,કોઇ ની માં ! કોણ જાણે કેટલાય મીઠા મધુરા સંબંધો ને પોતાના પાલવમાં બાંધી ને પણ હુ શોધું છું મને ખુદ ને.

સંબંધોના સુરીલા અને સુરમ્ય આંગણા માં ઉભી ને હું બાંધુ છું એક સંબંધ મારી પોતાની સાથે.જી...હા, મારો એક સંબંધ હજુ પણ છે તે છે સ્વયં નો સ્વયં સાથે,પોતાનો પોતાની સાથે.મારું બધું જ બધાને આપ્યા પછી પણ હુ બચાવી ને રાખું છુ મને મારા માટે.હુ મળું છુ મને ખુદ ને ત્યારે આ સંબંધ જ મને મારો પરિચય કરાવે છે.કેટલાય મધુર સપનાઓ છે મારી અંદર જે સાકાર થવા માટે થનગની રહ્યા છે.આ સંબંધ જ મને પડકાર આપે કે એવું શું છે જે હુ નથી કરી શકતી ?? પછી એ જ કહે છે મને કે બધું જ તો કરી શકુ છું.આ સંબંધ જ મને મારામાં આત્મવિશ્વાસ સ્થાપિત કરે છે અને હુ જીતી જાવ છું દુનિયાની દરેક જંગ.

આમ તો આપણા માટે દરેક દિવસ ખાસ છે પરંતુ ઉત્સવો ની જેમ આપણા માટે પણ એક દિવસ ખાસ મનાવવામાં આવે છે. એ છે આંતર રાષ્ટ્રિય મહિલા દિવસ.આ દિવસે મારી બધી જ સખીઓ ને હાર્દિક શુભેચ્છાઓ સાથે એક સંદેશ પણ આપવા માંગુ છું." પોતે સ્ત્રી હોવાનો ગર્વ કરો. દીકરી, સ્ત્રી થવાના ગર્વ ની સાથે જીવો.એક દીકરી,એક દીકરી ની માં હોવાના સંબંધે હુ એટલું ચોક્કસ કહીશ કે દીકરીઓ નો દીકરીઓ ની જેમ ઉછેર કરો.આ મારો દીકરો છે એવું કહીને તેની યોગ્યતા ને ઓછી નાં આંકો.જો સમ્માન ઈચ્છતા હોય તો પહેલાં સ્વયં ને સમ્માન આપો,તમારા અસ્તિત્વ ને સમ્માનિત કરો.સ્ત્રી જન્મ ને સાર્થક કરો."

**कोमल है कमजोर नही तु,**
**शक्ति का नाम नारी है।**
**जग को जीवन देने वाली,**
**मौत भी तुज से हारी हैं ।**



**મીતાબેન બારડ**
સોમનાથ વેરાવળ શાખા

## "મહિલા સન્માન"

ભારતીય સંસ્કૃતિએ મહિલાને દેવીનું સ્થાન આપ્યું છે અને સન્માન પણ કર્યું છે.

**"નારી તું નારાયણી નારી તું મહાન,**
**નારી તારી ગૌરવ ગાથા ગાયે વેદ પુરાણ."**

આ પંક્તિ જ ભારતીય મહિલાનું ગૌરવ ગાન કરે છે. ધરતીમાતાથી લઇને ભારતમાતાના રૂપમાં તથા ગંગાથી લઇને ગાયત્રીના રૂપમાં હિલાશક્તિની પ્રતિષ્ઠા કરી છે. કદાચ ભારત જ એક એવો દેશ છે, જ્યાં મહિલા શક્તિને દેવતાઓ કરતા પણ પહેલું સ્થાન આપીને પૂજવાની પરંપરા ચાલે છે.

**"यत्र नार्यस्तु पूज्यते रमन्ते तत्र देवता"**

"જ્યાં નારીઓ પૂજાય છે, ત્યાં દેવતાઓ વસે છે."

આવું આપણાં શાસ્ત્રોમાં કહેવાયું છે. તેથી જ તો મહિલા વિવિધ લાગણીઓનું ઇન્દ્રધનુષ છે, સપ્તરંગી સંવેદનાનું મેઘધનુષ છે. સંસ્કૃતિને જીવંત રાખવાનું કામ મહિલા જ કરે છે. મહિલા એક પ્રખર પ્રેરણા છે અને પુરુષોને તે સન્માર્ગે ચાલવાની પ્રેરણા આપે છે. માતાના રૂપમાં તે મમતા અને વાત્સલ્ય આપીને દેવીના રૂપમાં પૂજાય છે. ભગિનીના રૂપમાં તે પ્રેમની નિરંતર વહેતી ધારા છે. મહિલા એ તો પરમાત્માએ આપેલી અમૂલ્ય ભેટ છે.

આજે અનેક ક્ષેત્રોમાં મહિલાઓ ટોચના સ્થાને બિરાજમાન છે. જેવાકે, ભારતના નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારમન સમગ્ર દેશનું આર્થિક સુકાન સંભાળી રહ્યા છે. તો ગુજરાત રાજ્યના આરોગ્ય સચિવ શ્રીમતી જયંતિ રવિ હાલ કોરોના મહામારીમાં સતત સક્રિયતાથી દિવસના વીસ કલાક કામ કરી રહ્યા છે. આવા જ બીજા એટલે કે એચ.સી.એલ. કંપનીના સી.ઇ.ઓ. શ્રીમતી રોશની નાદાર તથા ઇન્ટેલ કંપનીના મેનેજીંગ ડાયરેક્ટર શ્રીમતી દેબ જાની ઘોષ. આવી રીતે



ઇસરોમાં પણ અનેક મહિલાઓ વૈજ્ઞાનિકો તરીકે ખૂબ જ મહત્વનું યોગદાન આપી રહ્યા છે. આજે દરેક શ્રેત્રમાં મહિલાઓ ખૂબ જ ઝડપથી આગળ વધી રહ્યા છે.

આજના સંશોધનોના અહેવાલો પરથી ખબર પડે છે કે જો મહિલાઓને તક આપવામાં આવે તો સમગ્ર રાષ્ટ્રને બદલી શકવાની તાકાત ધરાવે છે. મહિલાઓ જે તે બાબતોમાં નવા જ દ્રષ્ટિકોણ થી વિચારે છે. આજની મહિલા પરિશ્રમી તથા બહુમુખી પ્રતિભા ધરાવે છે. એક તારણ મુજબ આજના સમય પ્રમાણે જે કંપનીઓમાં સર્વોચ્ચ સ્થાને મહિલા હોય છે તે વધારે નફો કરે છે. લિજ્જત પાપડ મહિલા ગૃહ ઉદ્યોગની સફળતાનું મોટું ઉદાહરણ મહિલા સન્માનનું છે.

સમગ્ર વિશ્વમાં વેપાર કરતી ૯૧ દેશોની ૨૧૦૦ કંપનીઓનું વિશ્લેષણ કરતા ખબર પડી છે કે જે સંસ્થાઓમાં ઓછામાં ઓછી ૩૦% સ્ત્રીઓનું નેતૃત્વ છે, તેમના નફામાં ૬% વૃદ્ધિ થઇ છે.

હમણાં જ પ્રકાશિત થયેલા ગ્લોબલ ઇન્સ્ટિટ્યૂટના અહેવાલ પ્રમાણે જો મહિલાઓને કામ કરવામાં પુરુષો જેટલી તક આપવામાં આવે તો સન ૨૦૨૫ સુધીમાં સમગ્ર વિશ્વના જીડીપીમાં ૧૨ ખર્વ ડોલર જેટલો વધારો થઇ શકે છે. આ આંકડો ભારતની હાલની અર્થવ્યવસ્થાની તુલનામાં ચાર ગણો વધારે છે. મહિલાઓને આર્થિક રીતે સશક્ત બનાવવાથી ઉત્પાદકતા તથા આવકમાં વૃદ્ધિ થાય છે. આ તો માત્ર આર્થિક શક્તિની વાત થઇ.

આમ મહિલામાં અપાર શક્તિ રહેલી છે. થોડા ઐતિહાસિક ઉદાહરણ જોઇએ તો,

બુદ્ધિમતાનું પ્રતિક : ગાર્ગી કે અપાલા

સાહસ કે બહાદુરીનું પ્રતીક : રાણી લક્ષ્મીબાઇ કે દુર્ગાવતી

સંઘર્ષનું પ્રતીક : માં સીતા કે સતી સાવિત્રી

વ્રતશીલતાનું પ્રતીક : ગાંધારી કે અનસૂયા

આ ઉપરાંત મહિલા કુટુંબની કરોડરજ્જુ છે. સંતાનોને સંસ્કારવાન બનાવી ચાણક્ય, અર્જુન, વિવેકાનંદ જેવા મહાન પુત્રોનું ઘડતર કરે છે. પરિવારનું સંપૂર્ણ અસ્તિત્વ તથા વાતાવરણ મહિલા પર જ આધાર રાખે છે.

મહિલા પોતાની કોમળતા, શુસીલતા, સંવેદના, કરુણા, સ્નેહ, મમતા, સહિષ્ણુતા, સહાનુભુતિ, વગેરેના કારણે પરિવારનું નિર્માણ કરે છે. મહિલા ગૃહલક્ષ્મી છે. ઘરની અંદરની વ્યવસ્થાથી માંડીને પરિવારના સુખ-શાંતિ અને સ્વર્ગ બનાવવાની ઈશ્વર દત શક્તિ છે.

**"નારીયા દેશકી જાગ જાયે અગર,**
**યુગ સ્વયં હી બદલતા ચલા જાયેગા..."**

આમ આજની મહિલાએ પોતે પણ શારીરિક સૌન્દર્યના બદલે પવિત્રતા, ચરિત્રતા, ઉદારતા, સેવાભાવ, કર્તવ્યતા, વગેરે ગુણોનો વિકાસ કરવા તરફ ધ્યાન આપવું જોઇએ.

**|| શુભમ ||**



**રમાબેન ભીખાલાલ સીદપરા**
ભારત વિકાસ પરિષદ
રામકૃષ્ણનગર શાખા, રાજકોટ.




**ઉપલેટા શાખા :**

ભારત વિકાસ પરિષદ ઉપલેટા શાખાની બહેનો દ્વારા ૫૦૦ ગરબા સણગારી તેનું રાહત દરે વિતરણ કરવામાં આવ્યું હતું.

આવો પ્રોજેક્ટ સૌપ્રથમવાર ઉપલેટા શાખાની બહેનો દ્વારા કરવામાં આવેલ હતો. આ પ્રોજેક્ટથી બહેનોને આત્મનિર્ભર બનવાની પ્રેરણા મળી અને બહેનોને પોતાની કલા બતાવવા નો સુંદર મોકો મળ્યો હતો.



## "વુમન વેલનેશ સ્ક્રિનીગ પ્રોગ્રામ"

**રણછોડનગર શાખા :**

ભારત વિકાસ પરિષદ રણછોડનગર શાખા દ્વારા કુંડારિયા ફાઉન્ડેશન ના સહયોગથી તારીખ :- 12/02/2021 ના રોજ વુમન વેલનેશ સ્ક્રિનીગ પ્રોગ્રામ નું આયોજન કરવામાં આવેલ.

આ કાર્યક્રમમાં જુદા જુદા ટેસ્ટ જેવા કે મેમોસોનાગ્રાફી , પેપસ્મીયર તેમજ કેન્સર પ્રતિરોધક વેકસીન માં રણછોડનગર શાખા ના બહેનોએ જાગૃતતા દાખવી આ વિવિધ ટેસ્ટ કરાવેલ.

# પૃથ્વી પરના અવતરણનો આધારસ્તંભ : નારી

કુદરતનું ઉત્કૃષ્ટ સર્જન, સભ્યતા અને સંસ્કૃતિનું કેન્દ્ર, માનવીના પૃથ્વી પરના અવતરણનો એકમાત્ર આધારસ્તંભ એટલે નારી......

આપણા દેશમાં અઢારમી અને ઓગણીસમી સદી સ્ત્રીઓ માટે અંધકારમય જ રહેલી. રાજા રામમોહન રાયે ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં સ્ત્રીઓના સતી થવાના રિવાજ સામે જેહાદ જગાવી હતી અને આખરે અંગ્રેજ સરકાર દ્વારા આ ક્રૂર પ્રથા પર પ્રતિબંધ લાદવામાં આવેલો. પરંતુ એ સિવાય સ્ત્રીઓની જિંદગી અક્ષરો અને અધિકારો રહિત, ઘરની ચાર દિવાલોમાં જ કેદ રહેલી. વીસમી સદીના પ્રારંભે કેશવચંદ્ર સેન, મહાત્મા ફૂલે, જસ્ટિસ રાનડે, મહર્ષિ કર્વે જેવા સમાજસુધારકોએ સૌપ્રથમવાર ભારતીય નારીઓના શિક્ષણ અને અધિકારોની વાત આરંભી અને તેને બળ મળ્યું ગાંધીજી થકી.

મોટા ભાગના લોકો માને છે કે નારીવાદની શરૂઆત નારીઓ દ્વારા થઇ પરંતુ તમને જાણીને આશ્ચર્ય થશે કે નારીવાદનો આવિર્ભાવ કોઇ સ્ત્રી દ્વારા નહીં, પરંતુ એક પુરુષ દ્વારા કરવામાં આવ્યો હતો. અઢારમી સદીમાં ઇંગ્લેન્ડમાં રાણી વિક્ટોરિયાના દરબારના એક દરબારી જેમ્સ સ્ટુઅર્ટ મિલ દ્વારા સૌપ્રથમ વાર નારી અધિકારોની માંગ રજૂ થઇ. તેમણે સ્ત્રીશિક્ષણ, સ્ત્રીઓના મતાધિકાર અને વારસાહક્કની હિમાયત કરી, જે બધાથી ઇંગ્લેન્ડની અને દુનિયાભરની સ્ત્રીઓ તે સમયે વંચિત હતી! નવાઈની વાત એ છે કે નારી હોવા છતાં, રાણી વિક્ટોરિયા નારીઓને પુરુષસમાન અધિકારો મળવા જોઇએ એ વાત સાથે સંમત નહોતાં! જેમ્સ મિલને નારીઅધિકારો અંગેના બિલને પસાર કરાવવા માટે રીતસરનું આંદોલન છેડવું પડેલું.

આપણા દેશમાં સ્વતંત્રતા પછી નારીવિકાસમાં વેગ આવ્યો. બંધારણ દ્વારા સ્ત્રીઓને પુરુષ સમકક્ષ અધિકારો પ્રાપ્ત થયા. સ્ત્રીઓના વિકાસ માટે સરકાર દ્વારા વિશેષ નીતિઓ અને કાર્યક્રમો ઘડવામાં આવ્યા જેને પરિણામે સ્ત્રીશિક્ષણમાં વેગ આવ્યો, સ્ત્રીઓ શિક્ષિત થઇને આર્થિક રીતે પગભર થતાં શીખી. ભલે આજે સ્ત્રીને પુરુષ સમોવડી ગણવામાં આવતી હોય! પરંતુ, મારું દ્રઢપણે માનવું છે કે નારીવિકાસની વિચારધારામાં ક્યાંય સ્ત્રી-પુરુષ સમાનતાની વાત નથી, બલકે તે તો એમ કહે છે કે સ્ત્રી અને પુરુષ પ્રકૃતિગત ભિન્ન છે અને આ ભિન્નતામાં જ તેમનું ગૌરવ છે. અહીં ક્યાંય પુરુષના વિરોધની વાત નથી. સ્ત્રીઓ ઉપર ભૂતકાળમાં કરવામાં આવેલા અત્યાચારો અને અન્યાયોની ફરિયાદો કરવાનું છોડીને, પોતાની જાત પર દયા ખાવાનું છોડીને, આત્મચેતનાનો વિકાસ કરવો એ જ એનું ધ્યેય છે.

આજના નારીવાદનું મુખ્ય સૂત્ર છે સ્ત્રીના દેહનો, તેના હૃદયનો અને તેની બુદ્ધિનો ગૌરવપૂર્ણ સ્વીકાર. દેવી કે દાસીના રૂપમાં નહીં, પણ મનુષ્યના રૂપમાં તેનો સ્વીકાર.''

આજે ભારતીય સ્ત્રીઓએ દરેકે દરેક ક્ષેત્રમાં સિદ્ધિ પ્રાપ્ત કરી છે અને શિક્ષણ, સમાજસેવા, ધર્મ, રાજકારણ, વિજ્ઞાન, મેડિસીન, પત્રકારત્વ, કલા, કાનૂન, પોલીસ ખાતું, રમતગમત, પર્વતારોહણ, અંતરિક્ષ... દરેક ક્ષેત્રે પોતાની જાતને પ્રસ્થાપિત કરી છે. તેમ છતાય આજની શિક્ષિત, આધુનિક નારી પણ વારંવાર ઘરેલુ હિંસા, અન્યાય અને સામાજિક ભેદભાવનો શિકાર બનતી રહે છે. ગ્રામીણ અને આદિવાસી સ્ત્રીઓ હજુ પણ હાંસિયામાં છે. સ્ત્રીઓ સામેના અપરાધો જેવા કે, સ્ત્રીઓના અપહરણ, છેડતી, સ્ત્રીઓ સાથે હિંસા અને બળાત્કારના કિસ્સા દિવસે ને દિવસે વધતા જાય છે. 'જેન્ડર ઇક્વાલિટી' જેટલી કાગળ પર છે, તેટલી સમાજમાં નથી! વુમન એમ્પાવરમેન્ટ ત્યારે જ થયું ગણાય...જ્યારે, સ્ત્રી પોતાને મળેલા અધિકારોનો પૂરેપૂરો ઉપયોગ કરી શકે, તેની સામે સતત તોળાતા રહેતા શારીરિક-માનસિક હિંસાના ડરમાંથી મુક્ત બની તે પોતાની સ્વતંત્રતા અને સમાનતાને સંપૂર્ણપણે માણી શકે. એ દિશામાં આપણે હજુ ઘણું કામ કરવાનું બાકી છે.

આપનું શું માનવું છે ?????



**હેમા ત્રિવેદી**
ભારત વિકાસ પરિષદ
સુરેન્દ્રનગર

---

# નારી શક્તિ

## સ્ત્રી શક્તિનું કર્મયોગ માં સમર્પણ

॥ यत्र नर्यस्तु पूज्यंते रमते तत्र देवता ॥

જ્યાં નારી ની પૂજા થઇ છે, ત્યાં દેવતાઓ નિવાસ કરે છે

નારી ખરેખર નારાયણી છે. આની સમર્પણ ભાવના વિશ્વ માં અજોડ છે. મહાકવિ વાલ્મીકીએ સીતા જેવા પ્રેરક પાત્રનું સર્જન કર્યું. તેમને ત્યાગ આને સહનશીલતાની મુર્તિસમી લક્ષ્મણની પત્ની ઊર્મિલાનું પરત સર્જ્યું. મહાભારતકાર વ્યાસ એ દ્રૌપદી ના પાત્ર દ્વારા નારી ધર્મનો મહાન આદર્શ રજૂ કર્યો.

અર્વાચીન સાહિત્યકારો એ પણ માનવીના જીવન માં નારી ના ગૌરવ ભર્યા અને મહત્વપૂર્ણ સ્થાન ને ઉમળકરભરે બિરદાવ્યું છે.

નારીશક્તિ સભ્યતા અને સંસ્કૃતિનો સ્ત્રોત છે. સમાજ અને દેશના નવનિર્માણ માં તેનો હિસ્સો ઘણો મોટો છે. આજે પ્રત્યક ક્ષેત્ર માં નારી આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે. રાજકારણ, વિજ્ઞાન અને શિક્ષણ ક્ષેત્રે સ્ત્રીઓ પૂર્ણ ફાળો આપી રહી છે.

नारी का करो सम्मान, तभी बनेगा देश महान

નારીનું જીવન સ્નેહ, સહનશીલતા, ત્યાગ આને બલિદાનનું મહાકાવ્ય છે. ભારતીય નારી એ પતિ આને કુટુંબ ની સેવા ને પોતાનો ધર્મ સમજ્યો છે. કુટુંબ, સમાજ કે દેશના હિત ખાતર ધૂપસળીની જેમ જલી જઇને સુવાસ ફેલાવવામાં તેને ગૌરવ અનુભવ્યું છે. જીવતર ના ઝેર તેને જાણી જાણીને ભારતની નારી એ પોતાના હક ખાતર ક્યારેય બંડ કે ક્રાંતિ કરી નથી. નારી પોતાનો સંપૂર્ણ સ્નેહ સમ્પી દે છે. માટે જ નારી એ નારાયણી છે.

**સ્ત્રી એક એવું પાત્ર છે જે પોતાની પસંદગી પ્રમાણે નહિબીજાની પસંદગી પ્રમાણેપોતાનું જીવન જીવે છે.**

આધુનિક ભારત ની નારી પર પાશ્ચાત્ય સંસ્કૃતિની અસર પડી છે. પુરુષ સમોવડી બનવાના ઉત્સાહ માં તે પોતાના ઘરના ચોકઠાંમાં થી બહાર નીકળી છે. આજે ભારતીય નારી એ સામાજિક, શૈક્ષણીક, રાજકીય અને વ્યવસાયીક, અને દરેક ક્ષેત્રમાં ખુબજ પ્રગતિ સાધી છે. આમ છતાં, ભારતીય નારી એ પોતાની ઉચ્ચ સંસ્કૃતિ જળવી રાખી છે, ભવિષ્ય માં પણ ભારતીય નારી પોતાની ગૌરવ અને આત્મ સન્માન ટકાવી રાખ સેઆને જગ ની નારીઓ ને ઉચ્ચ સંસ્કરિક્તા ની પ્રેરણા આપે,

નારી તું છે ધરતી નો સ્વર્ગ બનાવનાર તુજ વિના છે,
આધુરા સંસાર આ ધરતી પણ ઈશ્વર નુ રૂપ છે તું નારી
ઈશ્વર બાદ જ તો છે, જીવન દેનારી હાજરો દુઃખ વેઠીને
તું સુખ દેનારી તારી શક્તિ સામે છે.
આ દુનિયા હારી હૈ નારી
તુજ પર જાઉં છુ બલિહારી."

એક નારી નો સમાજ ના ઘડતર માં આમુલ્ય ફાળો હોય છે ! આવો એ બધી સ્ત્રીઓ ને આજે સલામ કરીએ કે જેમને પોતાનું પણ ના વિચારી ને સમાજ નું ઘડતર કરવામાં આમુલ્યા ફાળો આપ્યો છે!! શક્તિ હું કમજોર નહિ ના કાર મારી આવગણના, સ્નેહ પ્રેમ નો સાગર ભરપૂર રૌદ્ર શક્તિ અપાર, જરૂર પડે તો બનું તારીણી જરૂર પડે મહાકાળી નારી હું નારાયણી પ્રભુ ની અદ્ભુત રચના...

આજે એક નારીને મેં સમય ને હાથે મજબૂત થતા જોઇ પોતાની જ જાત સાથે આજ આને પોતાની જાત સાથે જ પોતાને લડતા જોઇ..

॥ नारी तू शक्ति है॥

"कोटि कोटि बंदन नारी तू नारायणी है"



**ભાવિકાબેન પ્રશાંતભાઇ પિત્રોડા**
ભારત વિકાસ પરિષદ
ઉપલેટા શાખા



**ભારત વિકાસ પરિષદ જામનગર શાખા** દ્વારા મહિલા દિન સંદર્ભે શહેરની પ્રતિભાસંપન્ન તથા વિવિધ ક્ષેત્રોમાં યોગદાન દ્વારા સામાજિક રીતે અગ્રેસર - પ્રતિભાવંત મહિલાઓ ના સન્માન નો કાર્યક્રમ યોજાયેલ. આ સાથે બાલિકા સપ્તાહ તથા અન્ય કાર્યક્રમ ના વિજેતાઓ ને સન્માન સમારોહ પણ યોજાયેલ.

## નારી શક્તિ

કવિવર રવીન્દ્રનાથ ટાગોરે નારીશક્તિ ને આધ્યે કહ્યું છે કે, "Women is deserving of, because she gived light to the world".

ઇતિહાસવિદો મને છે કે સ્ત્રીનાં કારણેજ મનુષ્ય ના રખડુ જીવનનો અંત આવ્યા. ગીતા માં ભગવાન શ્રી કૃષ્ણ બધીજ શક્તિ નારી માં પ્રગટ થઇ છે એમ કહ્યું છે. સ્ત્રીઓ પોતાની બુદ્ધિ શક્તિ થી માનવ સંસ્કૃતિ ને એક કદમ આગળ વધારી છે. સ્ત્રી સમાનતા નો ખ્યાલ કઇ આજકાલ નો નથી મનુસ્મૃતિ કહે છે "યત્ર નર્યસ્તુ પુઝન્ત રમત્તે તત્ર દેવતા"

અને વર્ષો થી કહેવત આવ્યું છે કે દરેક સફળ પુરુષ ની પાછળ એક સ્ત્રી રહેલી હોય છે પછી તે માતા સ્વરૂપ માં જીજાબાઇ હોય, પત્ની સ્વરૂપ એ કસ્તુરબા હોય, પુત્ર વધુ સ્વરૂપ એ આહલ્યા ગઇ હોય કે પુત્રી સ્વરૂપ એ અશોક પુત્રી સંઘમિત્ર કે જે ધર્મપ્રચાર માટે વિદેશ પણ જતી હોય પ્રાચીન કાળ થી જ સ્ત્રી ઓ એ પોતાની શક્તિ પ્રગટ કરી છે. યાદ કરીએ વેદમંત્રો ની રચયિતા ગાર્ગી, મૈત્રેયી, અપાલા, ઘોષ આને લોપામુદ્રા ને! જેમના નામ આર્યઋષિઓ ની હરોળ માં આદર થી લેવાઇ છે. બૌદ્ધ યુગ માં શીલા, ભટ્ટારિકા, યુજયંકા આને પ્રભૂદેવી વિદુષીઓ હતી.

શિક્ષણ માં સમાન તક મળ્યા પછી સ્ત્રીઓ એ પ્રગતિની હરણફાળ ભરી છે. કલા, વિજ્ઞાન, રમતગમત, રાજકારણ, સાહિત્ય, સ્પર્ધાત્મક પરીક્ષાઓ, સમાજસેવા, શિક્ષિકા, પરિચારિકા... વગેરે તમામ ક્ષેત્રો માં સ્ત્રી ઓ આગળ વધી રહી છે. પછી તે આવકાશ માં જવાનું હોય કે હવાઈ જહાજ ઉડાડવાનું હોય, એક પણ ક્ષેત્ર આવું નથી કે જ્યાં સ્ત્રીઓ એ પોતાનું યોગદાન ના આપ્યું હોઈ.

બદલાતી યુગ ની જરૂરતો અનુસાર સ્ત્રી પુરુષ સાથે ખભે ખભો મિલાવી કર્યા કરી રહી છે. સ્ત્રીઓ એ રાષ્ટ્ર શાસન પણ સંભાળી રહી છે. ભારત, શ્રીલંકા, બાંગ્લાદેશ, પાકિસ્તાન અને મ્યાનમાર માં સ્ત્રીઓ રજ્યધરા વહન કરી રહી છે.

"જે કર ઝુલાવે પારણું તે જગ પર શાસન કરે" સ્ત્રી શક્તિનો મહિમા અપાર છે. નારી એટલે સ્નેહ, સહનશીલતા અને ત્યાગનો ત્રિવેણી સંગમ. અબળા નહીં જગદંબા છે. ઝાંસીની રાણી લક્ષ્મીબાઇ, રજીયા સુલતાન, ચાંદબીબી, દુર્ગાવતી, અહલ્યાબાઇ જેવી અનેક વીરાંગનાઓ એ ગૌરવવંતી પુરાવા છે. આધુનિક નારી ઘરની ચાર દીવાલોમાંથી બહાર આવી પ્રગતીના શિખરો સર કરી રહી છે.

મનુષ્ય માત્રની જન્મદાત્રી સ્ત્રી માતૃત્વના દાનથી સંસ્કૃતિને આગળ ધપાવે છે. વિશિષ્ઠ નારીઓના ઉદાહરણ તો ઘણા જોયા પરંતુ કોઇ સામાન્ય સ્ત્રીનું મૂલ્ય ઓછું આંકીન શકાય. આપણા ઘરમાં કામ કરતી પોતાના સંતાનો ઉછેરથી સંઘર્ષમય જીવન ગુજારતી નારીની શક્તિનું મૂલ્ય પણ એટલું જ છે.

સ્ત્રી એટલે સાક્ષાત અન્નપૂર્ણા ! સ્ત્રી વિના ઘરની કે સમાજની કલ્પના પણ ન થઇ શકે. સ્ત્રી આપણા સમાજ વ્યવસ્થાનો આધાર છે છેલ્લા પાંચ દાયકામાં તો સ્ત્રીઓએ પોતાની સર્વોપરિતા સિદ્ધ કરી દીધી છે. સ્ત્રી સમાજને ગતિશીલ રાખનારી ચાલક શક્તિ છે. સ્ત્રી કાર્યક્ષમતા, બુદ્ધિબળ, મનોબળ કસોટીમાંથી ખરી ઉતરી ચુકી છે હવે તો પુરુષો સાથેની સ્પર્ધાની કોઇ સવાલ આજ નથી કારણ કે નારી શક્તિ સ્વયંસિદ્ધ છે.



**પલ્લવી પટેલ**
ધોરાજી શાખા



**સુરેન્દ્રનગર શાખા :**

**ભારત વિકાસ પરિષદ, સુરેન્દ્રનગર દ્વારા 'બેટી है તો સૃષ્ટિ है' એ બેનર હેઠળ 'માનવ અવતરણ નો આધારસ્તંભ : નારી' એ વિષય અંતર્ગત હેમાબેન ત્રિવેદી દ્વારા વક્તવ્ય આપવામાં આવ્યું તેમજ વર્ષ દરમિયાન થયેલ પ્રવૃત્તિ મા ભાગ લેનાર અને વિજેતા થનાર દરેક સ્પર્ધકોને પ્રમાણપત્રો અને વિવિધ ઇનામો આપી પ્રોત્સાહિત કરાયા.**



**નાટરાજનગર શાખા :**

74 માં સ્વતંત્ર દિવસે ભારત વિકાસ પરિષદ નટરાજનગર શાખાની બહેનો દ્વારા **"વંદે માતરમ્"** ગીતનું ગાન ત્યારના covid -19 નાં સંજોગો મુજબ પોત પોતાની ઘરે રહીને કરવામાં આવ્યું હતું. જેનું એડીટીગ કરી વિડીયો બનાવવા માં આવેલ અને બધા ગૃપ માં મોકલવામાં આવેલ.



**સોમનાથ શાખા :**

ભારત વિકાસ પરિસદ સોમનાથ શાખાની મહિલા દ્વારા બહેનો અને બાળકો માં છુપાયેલ કલા ને નવા સ્વરૂપે રજુ કરવા માટે એક સુંદર મજાનો કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું.. એટલે કે **કલા સંગમ..**
કલા સંગમ માં બહેનો માટે તેમજ બાળકો માટે વિવિધ પ્રકાર ની હરીફાઇ નું આયોજન કરવામાં આવ્યું.. કે જેમાં બહેનો માટે સલાડ ડેકોરેશન, મહેંદી, ડાન્સ, રંગોળી, તેમજ બાળકો માટે કાવ્ય પઠન, ડ્રોઇંગ, ડાન્સ, ફેન્સી ડ્રેસ જેવી વિવિધ પ્રકારની હરીફાઇ યોજવામાં આવી.



**अंजार शाखा**

भारत विकास परिषद अंजार शाखा में रंगोली प्रतिस्पर्धा ऑनलाइन और सूखे नास्ते की प्रतियोगिता का डिस्टेंसिंग के साथ आयोजन किया गया था।

उसका ईनाम वितरण जनवरी २०२१ में रखा गया । दोनों प्रतियोगिताओं के विजेताओं को बीवीपी द्वारा सम्मानित किया गया।



**રામકૃષ્ણનગર શાખા :**

રામકૃષ્ણ નગર શાખા, રાજકોટ ની બહેનો માટે ડો. ભાવનાબેન દ્વારા યોગ શિબિરમાં સ્વાસ્થ્ય વર્ધક આયુર્વેદ વિશે વિસ્તૃત જ્ઞાન તથા દવાઓ સંદર્ભે માર્ગદર્શન આપવામાં આવેલ.

**માતા બનીને બાળકને જન્મ આપનારી,**
**બહેન બનીને ભાઈની સંભાળ રાખનારી,**
**દીકરી બનીને બાપનું નામ રોશન કરનારી,**
**કુળવધુ બનીને પરિવારની સંભાળ રાખનારી,**
**પત્ની બનીને પતિનો સહારો બનનારી,**
**એક સ્ત્રી તરીકે આવી અનેક જવાબદારીઓ**
**નિભાવનારી.**

આવી નારીશક્તિના ઉપકાર તથા યોગદાનને બિરદાવવા માટે સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા ૮ માર્ચના દિવસને આંતરરાષ્ટ્રીય મહિલા દિન તરીકે ઘોષિત કરવામાં આવ્યો છે. તેનો મુખ્ય ઉદ્દેશ સમાજમાં નારીનું સન્માન વધારવા તથા તેનામાં રહેલી સુષુપ્ત શક્તિઓને જાગૃત કરવાનો રહેલો છે.

અમુક વર્ષો પહેલા નારીને શારીરિક રીતે દુર્બળ સમજી જે ક્ષેત્રોથી વંચિત રાખવામાં આવતી હતી, તે જ ક્ષેત્રોમાં આજે નારી શક્તિ એ પોતાનું ટોચનું સ્થાન દર્શાવ્યું છે. પછી તે કોઇ રમત-ગમત, પર્વતારોહણ, મુક્કેબાજી કે અવકાશી યાત્રા હોય તે પછી આપણા ભારત દેશની રક્ષા કરવા માટે સરહદ પર ખડે પગે રહેવાનું પણ કેમ ના હોય ! રાષ્ટ્રની રક્ષા કરવા માટે પોતાનું જીવન સમર્પિત કરનાર ઝાંસીની રાણી લક્ષ્મીબાઇ તેનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

તેથી જ નારી...

**તારી ઉત્તંગ ઉડાન આગળ ગગન પણ ઠીંગણું ભાસે,**
**તારી વિશાળ પાંખો હેઠળ આખું વિશ્વ તું વસાવે.**

જે દેશમાં મહિલાઓના અધિકારોની રક્ષા કરવામાં આવે છે, ત્યાં રાષ્ટ્રની ઉન્નતિ અને સમૃદ્ધિ નિશ્ચિત છે. નારી-ધર્મ પ્રત્યે પોતાની ફરજ નિભાવવાની સાથે સાથે તે પરિવારની તથા રાષ્ટ્રની આર્થિક સમૃદ્ધિમાં પણ પોતાનો અમુલ્ય ફાળો આપે છે. સ્ત્રી પુરુષના સમ્માન તથા પ્રતિષ્ઠા માટે પોતાનું સંપૂર્ણ અસ્તિત્વ તેમાં સમાવી દે છે. તેથી જ કહેવત છે કે,

**"દરેક પુરુષ ની સફળતા પાછળ એક સ્ત્રીનો હાથ હોય છે"**

સંસ્કૃતમાં એક પંક્તિ છે,

**"यस्य पूज्यंते नार्यस्तु, तत्र रमंते देवता"**

જ્યાં નારીની પૂજા થતી હોય, ત્યાં દેવતા નિવાસ કરે છે. ભારત દેશ સંસ્કૃતિ પૂજક છે તેથી જ અહીં નારીને નારાયણી ના સ્વરૂપમાં જોવામાં આવે છે. પુરુષાર્થ પ્રધાન પુરુષોની સાપેક્ષમાં સ્ત્રીઓ પુરુષાર્થની સાથે સાથે ધર્મ તથા અધ્યાત્મ સાથે જોડાયેલી રહે છે. તે તેની ખૂબ જ મહત્વની વિશેષતા છે. જેના પરિણામે આજે પરિવારમાં સંસ્કાર નિર્માણ થાય છે. અને ઇશવિશ્વાસ જાગૃત થાય છે.

માટે જ હે સ્ત્રી...

**હજારો દિપક જરૂરી છે,**
**એક આરતીને સજાવવા માટે,**
**હજારો બુંદ જોઇએ છે, સમંદરને બનાવવા માટે,**
**પરંતુ એક સ્ત્રી જ એકલી કાફી છે,**
**એક ઘરને સ્વર્ગ બનાવવા માટે.**

વર્તમાન યુગને નારીઉત્થાનનો યુગ કહેવામાં આવે છે. આજે આપણા દેશમાં મહિલા દરેક ક્ષેત્રમાં પોતાનો ઝંડો લહેરાવી રહી છે અને સમાજ પણ મહિલાઓના વિકાસ માટે અને તેના ઉજ્જવળ ભવિષ્યના નિર્માણ માટેનો યોગ્ય અવસર પ્રદાન કરે છે.

તેથી જ આ ઉત્સવ પર સંપૂર્ણ સૃષ્ટિના સર્જનમાં જેનો અવર્ણનીય ફાળો છે તેવી નારી-શક્તિને પુરા વિશ્વમાં બિરદાવવામાં આવે છે. અંતે આજના દિવસે નારી-શક્તિને એ જ સંદેશ છે કે...

**વિધાતાના નવનિર્માણની કળાકૃતિ તું,**
**એક દિવસ તો તારા અસ્તિત્વની ઉજવણી કર તું..**

**શ્રીમતી પુનમબેન**
**નિશાંતભાઇ વૈશ્નાણી**
ભારત વિકાસ પરિષદ
માણાવદર



## નારી તું નારાયણી

"यत्र नार्यस्तु पुज्यन्ते, रमन्ते तत्र देवता:"

અર્થાત 'જ્યાં નારીની પૂજા થાય છે ત્યાં દેવતાઓ પણ પ્રસન્ન થાય છે.' જેનું સન્માન કરવાથી સમસ્ત દેવતાઓ પણ પ્રસન્નતા પામતા હોય એ નારી કેવી હશે? કેવી શકતી હશે એની?

બ્રહ્માજીએ જ્યારે આ સમગ્ર સૃષ્ટિનું સર્જન કર્યું, વૃક્ષો, પર્વતો, નદીઓ, પક્ષીઓ, પ્રાણીઓ, પુરુષ વગેરેને બનાવ્યા - આ સર્વે ની રચના કર્યા પછી પણ જ્યારે કંઇક કચાસ લાગી ત્યારે એણે પ્રકૃતિ એટલે કે સ્ત્રીને બનાવી. નારી વિના સંપૂર્ણ સંસાર લય અને તાલ વિનાનો છે.

જન્મથી લઈને મૃત્યુ સુધી કેટ-કેટલા રુપે નારી જીવતી હોય છે. દીકરી, બહેન, પત્ની, માતા, સખી, પ્રિયતમા વગેરે વગેરે. અને આ દરેક નું જીવન સ્વરૂપ પણ કેટકેટલું અલગ! એક જ જીવનમાં તે કેટલી જિંદગી જીવતી હોય છે! આમ જોવા જઇએ તો સ્ત્રીનું પોતાનું કહી શકાય તેવું કોઇ જ ઘર નથી હોતું છતાં એ સૌને પોતીકા કરવા માટે પોતાના સપનાઓ, ઇચ્છાઓ આ સર્વસ્વનો ત્યાગ કરીને હસતા મુખે જીવે છે. એક બાળકને જન્મ આપવા માટે પોતાનું શરીર, પોતાના પ્રાણને પણ દાવ પર લગાવી દે છે. વાહ! કેવો ત્યાગ એક સ્ત્રીનો! અને એટલે જ એને ત્યાગ અને વાત્સલ્ય તેમ જ મમતાની મૂર્તિ કહેવાય છે.

અહો, આશ્ચર્યમ! કેટકેટલા ગુણો પોતાની અંદર સમાવી ને ફરતી હોય છે નારી! પ્રેમ, કરુણા, પરોપકાર, ત્યાગ, મમતા, વાત્સલ્ય વગેરે. આવા ગુણો ની યાદી તો ઘણી મોટી છે. અને એટલે જ કવિઓ સ્ત્રીની સુંદરતા અને તેની મહાનતાના વર્ણન કરતા થાકતા નથી. કવિઓએ પોતાની કલમથી સ્ત્રી ને કેવી સરસ રીતે કંડારી છે! પછી એ કાલિદાસના શૃંગાર વર્ણનો હોય, બોટાદકરની જનનીની જોડ કે પછી ઝવેરચંદ મેઘાણી ની ચારણ કન્યા-સ્ત્રી ના અવનવા રુપો આ પુસ્તકોમાં બખૂબી આલેખાયા છે.

આપણે ત્યાં કંઇ કેટલીય નારીરત્નો જન્મ લઇને પોતાના ચરિત્ર થકી આપણને ઢગલો બંધ પ્રેરણા આપીને પોતાના જીવનને અમરત્વ બક્ષ્યું. અંગ્રેજોને દુર ખદેડનાર લક્ષ્મીબાઇ, અહલ્યાબાઇ, વિદેશમાં તિરંગો લહેરાવનાર માદામકામા, સતી તોરલ, જેના આંગણે ઈશ્વરને પણ બાળક બનીને આવું પડે તે મહાસતી અનસુયા, ગોવાળીયા ને ભગવાન શ્રી કૃષ્ણ બનાવનાર એ પ્રિયતમા રાધા આ સૌને આપણે કેમ ભૂલી શકીએ?

પશ્ચિમની સંસ્કૃતિમાં તો ઇ.સ. 1911 થી મહિલા દિવસ ઉજવવામાં આવે છે પણ આપણી સંસ્કૃતિમાં સદીઓથી નારીઓની પૂજા થતી આવી છે. પછી એ શક્તિદાત્રી માં દુર્ગા હોય, વિદ્યાદાત્રી માતા સરસ્વતી હોય કે પછી ધનદાત્રી મા લક્ષ્મી હોય. એટલે જ કહી શકાય કે જીવનમાં મેઘધનુષી રંગ પૂરનાર, અન્યના જીવનમાં સુવાસ પ્રગટાવનાર, જાતને ઘસી નાખી અન્યને શક્તિ આપનાર એટલે જ સ્ત્રી.

આથી જ કહી શકાય કે,

**"નારી તું નારાયણી".ની ઉજવણી કર તું..**

**શ્રીમતી નમ્રતાબેન કણજારીયા**
ભારત વિકાસ પરિષદ
જામનગર શાખા



હા હું સ્ત્રી છું.
સીવું છું, ઉગાડું છું, જીવતર આપું છું,
નદી નહીં હું નારી છું. જન્માવું છું, પોષે ને પાળું છું.
વિશ્વનાથ નહીં હું સ્ત્રી છું.
સાચવું ,સજાવું ને બાંધું છુ,
માયા નહીં પણ મમતા મયી સ્ત્રી છુ.
ઇટ પર ઇટ મુકું છુ, પાયો મજબૂત ભરું છું,
છત, દીવાલોમાં સ્નેહ સિમેન્ટ ભરું છું.
કાડિયો નહીં પણ ઘરની ઈજનેર છુ.
હા હું સ્ત્રી છુ.
સહી ને સલામત છુ,
આસુંને સ્મિત નું કારણ છુ,
આમ જોવોતો કશું નહીં છતાં ઘણું ઘણુંછુ.
અજમાવે દુનિયા વારંવાર,
હર મોડ પર કસોટી છુ,
છતાં એક કમાલની સર્જન છુ.
ઈશ્વરનું અનમોલ, પ્રેમ, અદ્વિતીય અને,
અજોડ અવતરણ છુ.
હા હું નારી છુ.
અદ્વિતીય સ્ત્રી છુ.

**શ્રીમતી શોભના ભટ્ટ**
ભારત વિકાસ પરિષદ
જૂનાગઢ શાખા



## સ્ત્રી- મોબાઈલ

સ્ત્રી છું એટલે જીવન મારું, બની ગયું મોબાઇલ,
કેટલીય apps installed ને કેટલીય નાંખેલી files.

'FACE' book પાછળ મહેનત ઘણી, 'photo gallery' માં જુએ સહુ,
'Google Search' તો inbuilt મારામાં, 'You Tube' ગમે બહુ.

'Paytm' થી ફરજો ચૂકવી ચૂકવી ને રાહ જોઉં પલ પલ,
'Amazon' કે 'Flipkart'? ક્યાંથી આવશે મારી સ્વતંત્રતા નું પાર્સલ?

'Saavn' માં મારી પસંદ ના ગીતો કયારે વાગશે?
'VLC' માં મારી મનગમતી movie કયારે જોવાશે?

'Clean Master' clean કરશે ક્યારે જૂઠી મર્યાદા નો જંક?
'Snapchat' ની story માં ખોટું હસીને કરવો પડતો દંભ!

'App Lock' થી લૉક કરી દીધી બધી મારી અભિવ્યક્તિ,
'Quick Heal' થી કાઢી નાખી મારા અસ્તિત્વ ની શક્તિ.

'Xender' થી બાળકો ને send કર્યા મારા દિલના પાર્ટ,
તોય 'Candy crush' રમતાં રમતાં crush કરે મારું heart.

'Screen Mirroring' થી show કર્યો પતિને મારો પ્યાર,
તોય 'Angry Birds' ની જેમ એ તો કર્યા કરે મારો શિકાર.

Tweet કરનારાઓ નો 'True Caller' માં નંબર નથી મળતો,
'Escape Games' માં ફસાઇ ગઇ હું, રસ્તો નથી જડતો.

'WhatsApp' કરું પ્રભુ ને, સાથે 'Gmail' પર પણ દઉં જોર,
મારી PDF file આવી કાં? કાં આવો મારો 'Play Store'?

'Google Translator' use કરી મારી feeling સૌને સમજાવો,
'You Cam' થી beautify કરી મારા જીવનને સજાવો.

કાશ 'Make My Trip' માંથી ખુશીઓનું destination મળી જાય!
આવે કોઇ 'OLA' કે 'redBus' જે મને મારા સુખના સરનામે લઇ જાય!



**યોગિતા અશ્વિન મહેતા**
ભારત વિકાસ પરિષદ
મુન્દ્રા શાખા



PTC કોલેજમાં અભ્યાસ કરતી એક વિદ્યાર્થીનીને
કોલેજ ફી ની જરુરીઆત હોતા ભારત વિકાસ પરિષદ અંજાર શાખા
દ્વારા તેના પ્રથમ વર્ષની ફીનો ચેક (₹ 16000/-)
કોલેજના પ્રિન્સિપાલને શાખા પ્રમુખના હસ્તે આપવામાં આવ્યો.




આપણા વીર જવાનો કે જેઓ દેશ માટે સેવા કરવાની ફરજ બજાવે છે
તેમના માટે આપણું ઋણ અદા કરવાના હેતુથી જામનગર શાખા
મહિલા સમિતિની બહેનો લગભગ 15 સ્કૂલોમાં જઇ સૈનિકો આપણા માટે
શું કરે છે, તથા દેશ માટે આપણું કર્તવ્ય શું છે; તેના વિશે બાળકોને સમજાવ્યું
અને બાળકો દ્વારા જવાનો માટે સંદેશ તથા રક્ષાપોથી તૈયાર કરાવ્યા,
આશરે ૧૮૦૦ જેટલા મેસેજ તથા રક્ષાપોથી સરહદ પર
આપણા વીર જવાનો સુધી પહોંચાડવામાં આવ્યા




જુનાગઢ શાખા ના પહેલા જ વર્ષમાં જ્યારે મહિલા સંમેલન થયું તે દિવસો આજે પણયાદ છે અમે દરેક બહેનો એક બીજા ના નામપણ જાણતા ન હતા પરંતુ આ સંમેલન થીએક બીજાના સંપર્કમાં આવી લાગણીથી બંધાયા અને આજે પણ અમે એક જ પરિવારના સભ્ય હોય એવી લાગણી અનુભવીએ છીએ આ અમારો ફોટો નથીપણ વાસ્તવિક્તા છે.

# જૂનાગઢનું જાજરમાન અમૂલ્ય આભૂષણ

# શ્રીમતી હીરાલક્ષ્મીબેન રામભાઈ વાસન




સંત - શૂરા - સતિ - સાવજની ભલી ભોમકા એટલે સોરઠની ધરતી ... આ હાડબલુકી ભૂમિમાં આપને કલ્પનામાં પણ ના આવે, તેવું પાણીદાર નારીરત્ન ઝળહળે છે.

**શ્રીમતી હીરાલક્ષ્મીબેન રામભાઈ વાસન** આજે એંશી વર્ષે પણ અડીખમ વ્યક્તિત્વ છે.

ચોંકી ના જતા એમની વિગતો જાણીને...

શ્રીમતી હીરાલક્ષ્મીબહેને ૨૦૧૨ થી લઇ ને ૨૦૨૦ દરમ્યાન જ - ૫૦૦૦ મીટર, ૧૫૦૦ મીટર, ૫ કિમી વોક, ૧૬૦૦ મીટર રિલે રેસ, ૮૦ મીટર હર્ડલ્સ , વગેરેમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના વીસથી વધુ ગોલ્ડ - સિલ્વર - બ્રોન્ઝ મેડલ મેળવ્યા છે.

દોડસ્પર્ધામાં એંશી વર્ષની વયે સતત સક્રિય એવા શ્રીમતી હીરાલક્ષ્મીબેન આજે પણ રોજ વહેલી સવારે ચાલવા - દોડવા જાય છે.

છેલ્લા બાર વર્ષમાં જ તાઇપેઇ (તાઇવાન), પેનાંગ (મલેશિયા) ઉપરાંત રાષ્ટ્રીય કક્ષામાં ૧૨ ગોલ્ડ મેડલ, ૧૩ સિલ્વર મેડલ, ૩ બ્રૉન્ઝ મેડલ પ્રાપ્ત કાર્ય છે.

તેઓ યોગવિદ્યામાં નિષ્ણાંત છે.જૂનાગઢમાં વસતા આ સન્નારીએ ગુજરાત - ભારતનું નામ વિશ્વ કક્ષાએ ગાજતું - ગુંજતું કર્યું છે.

તેમને નિરામય દીર્ઘ આયુષ્ય ની શુભકામનાઓ સહ

**'અભિવંદન - અભિનંદન' ! !**


Certificate of Excellence

Awarded to

Vasan Hiralaxmi Rambhai

In the 17th ASIA MASTERS ATHLETICS CHAMPIONSHIPS

Held in Taipei, Taiwan for the period of November 2-7, 2012

*Celebrating Asia's Lifelong Sporting Spirit*

2012


ASIA PACIFIC MASTERS GAMES PENANG 2018

*Congratulations*

CERTIFICATE OF ACHIEVEMENT

is awarded to

VASAN HIRALAXMI RAMBHAI (INDIA)

for achieving

3RD PLACE (153.87s)

(4 × 100M – WOMEN 240+)

in the

1st Asia Pacific Masters Games 2018

from 7 - 15 September 2018 in Penang, Malaysia



ભારત વિકાસ પરિષદ,ધોરાજી શાખામાં મહિલા સમિતિની સક્રિય ભાગીદારી ને કારણે નવરાત્રિમાં યોજાતી આપણી પરંપરાગત, સંસ્કૃતિ મુજબ ના ગરબાનું સફળ આયોજન દર વર્ષે થઇ રહ્યું છે.




**अंजार शाखा :**

भारत विकास परिषद् अंजार की महिला कारोबारी समिति द्वारा पाबीबेन रबारी को महिला दिवस के संदर्भ में सम्मानित किया गया। कुंकुम का तिलक कर के उन्हें मोमेंटो और उपहार प्रदान किया गयापाबिबेन रबारी हाल ही मे KBC के क्रांतिवीर प्रोग्राम में श्री अमिताभ बच्चन और अनुपम खेर के साथ देखी गई थी जिससे उन्हें और उनकी कलाकृति को देशभर में पहचान मिली.




ભારત વિકાસ પરિષદ માણાવદર શાખા દ્વારા કુટીર મેળાનું આયોજન કરવામાં આવેલ જેમાં ૨૦ થી ૨૨ સ્ટોલ રાખવામાં આવેલા. જેમાં ગૃહ ઉદ્યોગ કરતી બહેનોએ આ મેળામાં પોતાની વસ્તુઓનું વેચાણ કરી ખૂબ સારો નફો મેળવ્યો.




આત્મનિર્ભર ભારત અંતર્ગત જેતપુર શાખાના મહિલા સભ્ય દ્વારા સ્વનિર્મિત રાખડીઓનું વિનામુલ્યે વિતરણ.

# વ્યક્તિ વિશેષ વિભાગ



**નયનાબેન વિનોદભાઈ પેઢડીયા**
અભ્યાસ : એમ.એ.,બી.એડ
રણછોડનગર શાખા

### "સ્ત્રી રાષ્ટ્રની આધારશિલા છે"

રાષ્ટ્રીય વિચાર ધારા સાથે સામાજિક પ્રવૃત્તિ સાથે સંકળાયેલા અને 2021 વોર્ડ નંબર 4 ની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પ્રથમ વખત ઉમેદવારી નોંધાવે અને ચૂંટણીમાં ભાજપ ના ઉમેદવાર તરીકે ભવ્ય - 11893 મતથી વિજય થતાં 5882 ની જંગી લીડ થી વિજેતા ....રાષ્ટ્ર સેવિકા સમિતિ ની સેવિકા , સ્વદેશી જાગરણ મંચની કચ્છ-સૌરાષ્ટ્રમાં વિશેષ જવાબદારી..., કેશવ ક્રેડિટ સોસાયટી જુનાગઢની રાજકોટની ૨૨મી બ્રાંચમાં કમિટી સદસ્ય , વિશ્વ હિન્દુ પરિષદ વનવાસી કલ્યાણ પરિષદ પ્રવૃત્તિમાં પૂર્ણ કાર્યરત, સરસ્વતી શિશુ મંદિર રણછોડનગર માધ્યમિક કન્યા શાળામાં પાયાના પ્રથમ શિક્ષિકા ,, શિક્ષણ અને સેવા ટ્રસ્ટ ચાણક્ય વિદ્યાલય ના પ્રધાનાચાર્ય સંચાલક તેમજ 2021 ભારતીય જનતા પાર્ટી વોર્ડ નંબર 4 ના કોર્પોરેટર તરીકે જંગી લીડ થી ચૂંટાઇ આવ્યા

કુદરતી આફ્ત ભૂકંપ , પુર કોરોના મહામારી સમયે રાત દિવસ જોયા વગર સેવા માં કાર્યરત પરિવારની સંયુક્ત જવાબદારી, પરિવારનો પ્રેમ અને હૂંફ થી એક સ્ત્રી આજે અહીંયા સુધી પહોંચેલ છે ત્યારે આ એક ગૌરવ ની વાત કહેવાય.



**ફાલ્ગુનીબેન દીપકભાઈ પરમાર**
ઉપલેટા શાખા

હાઉસ વાઇફ,બિઝનેસ વુમન, યોગા ટીચર, સોશિયલ વર્કર, તથા પોલિટિશિયન એમ અનેક ક્ષેત્રો માં પોતાનું યોગદાન આપેલ છે.

ડિપ્લોમા યોગા એન્ડ નેચરો થેરાપી નો કોર્સ કરીને ડિગ્રી પ્રાપ્ત કરેલ છે. દસ વર્ષથી ઉપલેટામાં નિ:શુલ્ક શિક્ષક તરીકેની કામગીરી સંભાળે છે. તેમજ પોતાનો બિઝનેસ પણ સંભાળે છે. તેમજ ભાજપમાં શહેરના ઉપપ્રમુખ તેમજ મહિલા મહામંત્રી નો હોદ્દો સંભાળે છે. અનેક સંસ્થા ની સાથે રહીને સોશિયલ પ્રવૃત્તિ પણ કરે છે.



**હર્ષિદા દીપક ત્રિવેદી**
નટરાજનગર શાખા
Harshida21@gmail.com

નાનપણથી જ વારસામાં સાહિત્ય મળ્યું. પિતા એ સમયના સારા નાટ્યકાર હતા . માતા પણ ગીતો, ભજનો, હાલરડાં સાથે આધ્યાત્મિક સમજણ આપતી રહી.

સાસરે આવી અને ત્યાં પણ સાહિત્યનો જ સંગાથ મળ્યો. સસરા એક સારા નવલકથાકાર જેમની 16 નવલકથાઓ પ્રકાશિત થઇ છે સાથે પતિ ખ્યાતનામ કવિ શ્રી દીપક ત્રિવેદી. બસ પછી તો લોહીમાં હતું સાહિત્ય તે પૂર્ણ રૂપથી પ્રત્યક્ષ મળવા માંડ્યું મારામાં રહેલી સાહિત્યની ઉર્જાની જ્વાલા પ્રગટતી રહી. વાંચન, લેખન, સંગીત, મુશાયરાઓ, સાહિત્યના પ્રોગ્રામો માં સતત જતી રહી અને એ શોખના લીધે મારી કલમ થી શબ્દ સાધના કરતી રહી.

ઈટીવી ગુજરાતીમાં રસોઈ કલાના શોખના લીધે રસોઈ શૉ માં લગભગ 17 થી 18 એપિસોડ આપી ચુકી છું. ઓપન સૌરાષ્ટ્ર તથા ઓપન ગુજરાત લેવલની ગરબા કોમ્પિટિશન ટિમ વર્ક સાથે પ્રથમ તથા દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત કર્યા છે.

છેલ્લા 10 વર્ષથી સાહિત્ય ની સાધના કરી શબ્દ ને કાગળ પર ઉતારતી રહું છું. અનેક મુશાયરાઓ કર્યા. નામાંકિત મેગેઝીનોમાં મારી રચનાઓ પ્રકાશિત થઇ ચુકી છે. રેડિયો તથા દૂરદર્શન પર કાવ્ય ના અનેક પ્રોગ્રામો આપ્યા. 2017 માં મારી પોતાની જ રચનાઓ નો "ઝાકળની હેલી" નામે સંગ્રહ પ્રકાશિત કર્યો. જેને રસકવિ રઘુનાથ બ્રહ્મભટ્ટ એવોર્ડ મુંબઈ ખાતે ભવન્સ કોલેજના ઓડિટોરિયમમાં પતિ - પત્નીને સંયુક્ત આ એવોર્ડ પ્રાપ્ત થયો.

મારી રચનાઓને સંગીતના ખુબ જાણીતા ગાયક કલાકારોએ સ્વરબધ્ધ કરી છે. જેમાં ડૉ. સંજીવભાઈ ધારૈયા, માયાબહેન દીપક, નમ્રતા શોધન, ફાલ્ગુની શશાંક, રાજુભાઈ ગોહેલ જેવા અનેક નામી સંગીત સ્વરકારોએ પોતાના સૂરમાં મારા શબ્દોને લોકો સુધી વહેતા મુક્યા છે.

ટૂંક સમયમાં જ મારો બીજો ગીત સંગ્રહ પ્રકાશિત થશે.

" ઈદમ ન મમઃ " ની વાતને યાદ રાખી જે કઇ મારુ જે છે તે માતાના ચરણોમાં સમર્પિત કરુંછું.



**પ્રો. ડૉ. ઉમાબેન વ્યાસ**
સોમનાથ શાખા

**પ્રોફેસર ડો. ઉમાબેન અમૃતલાલ વ્યાસ**

**હોદો :** એસોસિએટ પ્રોફેસર

**શૈક્ષણિક લાયકાત :** એમ.કોમ. p h . d , ડી.સી,એસ.

**સંસ્થા :** મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ વેરાવળ

**શૈક્ષણિક ક્ષેત્રે ફાળો :**

1. આંતરરાષ્ટ્રીય કક્ષાના સાત સેમિનાર કોન્ફરન્સ માં સંશોધન પેપર રજૂ કરેલ છે,

2. રાષ્ટ્રીય કક્ષાના સેમિનાર કોન્ફરન્સ માં ૧૭ જેટલા સંશોધન પેપર રજુ કરેલ છે.

3. રાજ્યકક્ષાના સેમિનાર કોન્ફરન્સ માં ૧૦ જેટલા સંશોધન પેપર રજૂ કરેલ છે.

4. કુલ સાત પુસ્તકો પ્રકાશિત કરેલ છે.

5. શૈક્ષણિક ક્ષેત્રના મેગેઝિનમાં પણ સંશોધન પેપર આપેલા છે.

6. વર્ષ 2018 માં ગુજરાત રાજ્ય ના શિક્ષણ વિભાગ તેમજ બ્રિટિશ ગવર્મેન્ટ ના સંયુક્ત સરકાર દ્વારા ઇન્ટરનેશનલ ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ અંતર્ગત ગુજરાત માંથી કુલ 32 પ્રોફેસર પસંદગી પામેલ. તેમાં પણ આ પ્રોગ્રામ અંતર્ગત UK - LONDON ની વિવિધ યુનિવર્સિટીમાં મુલાકાત લઈ અને વર્કશોપ માં ભાગ લીધેલ છે.

તા. 10 ડિસેમ્બર 2018ના રોજ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીના નિવાસ્થાને સમગ્ર ટીમ સાથે શુભેચ્છા મુલાકાત.

**અન્ય પ્રવૃત્તિઓ :**

કોલેજ લેવલે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના ચેરમેન તરીકે કામગીરી સંભાળેલ છે.

કોલેજની અન્ય કમિટીઓમાં વાઇસ ચેરમેન અને સભ્ય તરીકે ની કામગીરી સંભાળેલ છે.

INNER WHEEL CLUB ના મેમ્બર તરીકે ૨૦૧૪થી કાર્યરત છે અને આ ક્લબના માધ્યમથી કોલેજમાં થેલેસીમિયા કેમ્પ , સ્ત્રી જાગૃતિ , અને પેડ મશીન મુકાવવા જેવા અનેક પ્રોગ્રામ કરેલ છે.



**શ્રીમતી પ્રિનાબેન રૂકેશભાઈ આરદેશણા**
રામકૃષ્ણ નગર શાખા

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ યોગ કોચ તરીકે કામગીરી સંભાળે છે. તેઓએ ડિપ્લોમા ઈન યોગ, ફુડ એન્ડ ન્યુટ્રીશન, ગર્ભસંસ્કાર ટ્રેનર ની તાલીમ પામેલા છે. નિશુલ્ક યોગ ટ્રેનર તાલીમ શિબિર ચલાવે છે. શિબિર દરમિયાન 60 બહેનો ને નિશુલ્ક યોગ ટ્રેનર ને ટ્રેનીગ આપી છે. હાલમાં 4 થી 5 સાર્વજનિક બગીચામાં માં નિશુલ્ક યોગ શિબિર ચાલુ છે જે માં 25 બહેનો લાભ લે છે. શ્રી ઉમિયા સેવા પ્રગતિ મંડળ ટ્રસ્ટ રાજકોટના ભવન 'ઉમા સદન' માં 5 થી 6 નિશુલ્ક યોગ કક્ષા ચલાવે છે જેમાં 40 બહેનો લાભ લે છે. તેઓ શ્રી ભારત વિકાસ પરિષદ, સૌ.કચ્છ પ્રાંત માં મહિલા સહ સંયોજીકા ની જવાબદારી નિભાવે છે.

# વ્યક્તિ વિશેષ વિભાગ



**શ્રીમતી વંદિતા દવે.**
ધોરાજી શાખા

**"કોઇ ઇન્સાનને કદી જાત ન પૂછવી,**
**કુંવારી કન્યાને ઉંમરની વાત ન પૂછવી,**
**જેણે દિલને માંડ પાછું વાળ્યું હોય'પ્રેરણા'**
**એને કદી પ્રેમની શરૂઆત ન પૂછવી."**

'પ્રેરણા' તખલ્લુસથી માત્ર 13 વર્ષની ટબૂકડી ઉંમરથી જેમણે કાવ્યોના માધ્યમથી સાહિત્યની દુનિયામાં પ્રથમ પગલું ભર્યું હતું, એવા કલાપીની નગરી લાઠીમાં જન્મેલા વંદિતા રાજ્યગુરૂ દવે આજે 42 વર્ષે પણ પલાઠી વાળીને ઘડીભર નિરાંતનો શ્વાસ લેવા બેસતા નથી. એક નહીં પણ બબ્બે ક્ષેત્રોમાં એમણે કાઠું કાઢ્યું છે, એક સાહિત્ય ક્ષેત્ર અને બીજું યોગ ક્ષેત્ર. આ બંને ક્ષેત્રોના બહુ જૂજ લોકો હશે જે એમના નામથી અને કામથી અપરિચિત હશે.

પહેલા વાત કરીએ એમણે સાહિત્ય ક્ષેત્રે કરેલા પદાર્પણની, તો એમણે અત્યાર સુધીમાં 800 જેટલી કવિતા-ગઝલ, 4000 જેટલા સામાજિક- પારિવારિક- સ્વાસ્થ્યવર્ધક લેખો, 700 જેટલી ટુંકી વાર્તા- નવલિકા, 300 જેટલી લઘુકથા, 700 જેટલા પરિચય લેખો, 3 નવલકથા અને 2 લઘુનવલ વગેરે લખ્યું છે, જે જુદા- જુદા દૈનિકો તથા મેગેઝિનોમાં છપાયા કરે છે. રાજકોટથી પ્રકાશિત થતા પાક્ષિક મેગેઝીન "અરસ પરસ"માં તેઓ 2010 ની સાલથી એટલે કે દસ વર્ષ થી મુખ્ય સંપાદક તરીકેની ફરજ બજાવી રહ્યા છે. એમના કુલ 8 પુસ્તકો પ્રકાશિત થઇ ચૂકયા છે. અને 1 પુસ્તક હાલ પ્રેસમાં છે. જુદી- જુદી સંસ્થાઓ તરફથી એમને 11 શિલ્ડ- એવોર્ડ મળેલા છે.

હવે વાત કરીએ એમણે યોગ ક્ષેત્રે મેળવેલી સિધ્ધિ વિશે...., તો ધોરાજી શહેરમાં છેલ્લા સાત વર્ષથી તેઓ ફિટનેસ સેન્ટર ચલાવે છે, જેમાં બહેનોને એરોબિક- ઝુમ્બા- યોગા વગેરે કરાવે છે.

વંદિતાબેને ગુજરાતી વિષય સાથે એમ.એ. કર્યું છે અને 'ડિપ્લોમા ઇન જર્નાલિઝમ' પણ કરેલું છે. ઘર- પરિવાર અને બે બાળકોની જવાબદારીઓ સંભાળતા- સંભાળતા પણ તેઓ પોતાની મનગમતી પ્રવૃત્તિઓ માટે પણ પૂરતો સમય ફાળવી લે છે,એનું કારણ કદાચ એમનો ઉત્સાહ અને સતત નવું-નવું જાણવાની જીજીવિષા છે. અંતમાં એમના માટે એટલું જ કહીશ કે.

" મંઝિલ ઉસીકો મિલતી હૈ, જિસકે ઇરાદો મે જાન હોતી હૈ.

પંખોસે કુછ નહી હોતા યારો, હોસલો સે ઉડાન હોતી હૈ"



**ડો.પ્રતીક્ષા મધુકર ભટ્ટ**
જામનગર શાખા

જામનગર જ નહીં પણ ગુજરાત નું ગૌરવ ગણાય તેવા ડો.પ્રતીક્ષા મધુકર ભટ્ટ કે જેઓ વર્ષોથી આરોગ્ય ક્ષેત્રે સેવા કરી રહ્યા છે, તેઓ શ્રી એ સંસ્કૃત સાહિત્યમાં આરોગ્યનો વિષય લઇને પી.એચ.ડી કર્યું.

સાંપ્રત સમયમાં વધતા જતા અસાધ્ય રોગોની સામે આપણું પ્રાચીન વિજ્ઞાન ઘણું અકસીર પુરવાર થઇ રહ્યું છે. તેમાંયે ખાસ કરીને ગૌવંશ દ્વારા મળતી અનેક વસ્તુઓ થી અસાધ્ય રોગો નો ઈલાજ થઇ રહ્યો છે.

તેઓ શ્રી એ પી.એચ.ડી.માં ભારતીય સંસ્કૃતિના દસ્તાવેજ સમા ચારેય વેદોમાં વિજ્ઞાન વિચાર ક્યાં મૂકવામાં આવ્યો છે...અને તેની શી વિશેષતા છે એ કાર્યનુ સંશોધન કર્યું. આ સંદર્ભે ગ્રંથ તરીકે વેદમૂર્તિ પંડિત સાતવલેકર ના 'ગૌ-જ્ઞાન-કોશ' ને લઇ આ કાર્ય પૂર્ણ કર્યું. આ સંદર્ભે ગ્રંથ સંબંધે કહું તો કદાચ ભારતમાં તેઓનો આ પ્રથમ જ પ્રયાસ રહ્યો છે જેનું સૌ ને ગૌરવ છે.

ડો.પ્રતીક્ષાબેન ના સંશોધનકાર્ય વેદમાં રહેલા ગૌ વિષયક વિજ્ઞાન ને સંશોધનના સ્વરૂપે તૈયાર કરી ગ્રંથિત કર્યો છે, જે લોક ઉપયોગી બને તેવી આશા સાથે..

**राष्ट्रीय स्वाहा : इदं न मम:**

### વિશેષ પરિચય

ચારે વેદોમાં ગાયના વિજ્ઞાન"વિષય સાથે સંસ્કૃતમાં પી.એચ.ડી" કર્યું.

આયુ.યુનિ.માં 'પંચકર્મ થેરાપિસ્ટ' તરીકેની સેવા આપી રહ્યા છે.

રાષ્ટ્ર કાર્ય-R.S.S. ( રાષ્ટ્રીય સેવિકા સમિતિ ) બહેનોનું સંગઠન છે તેમાં 35 વર્ષથી કાર્યરત. હાલમાં પ્રાંત બૌદ્ધિક પ્રમુખની જવાબદારી.

પંચકર્મની ટ્રેનીંગ પ્રભાબેન આરોગ્ય કેન્દ્ર માં, તથા મહિલા કોલેજમાં લેક્ચર તરીકે નિઃશુલ્ક સેવા.

યોગ કેન્દ્રમાં તથા શહેરના વિવિધ
વિસ્તારોમાં ૧૧ વર્ષથી નિઃશુલ્ક યોગ
શિબિર.

ભારતીય સંસ્કૃતિ, ભારતીય નારી, આરોગ્ય યોગ, ગાયનુંવિજ્ઞાન વગેરે વિષયો પર જુદા જુદા સાપ્તાહિક તથા દૈનિક પત્રોમાં લેખો લખે



**શ્રીમતી મીનાક્ષી એમ. ઠક્કર**
નાયબ કાર્યપાલક ઇજનેર (યાંત્રિક)
અંજાર શાખા

સામાન્ય પરિવારમાં જન્મ. નાનપણથી જ સામાન્ય કરતા કંઇક અલગ કરવાની ઈચ્છા, માતા એક શિક્ષક અને પિતા રેવન્યુ ડિપાર્ટમેન્ટમાં એટલે બંને તરફથી શિસ્ત અને વહિવટી કુશળતા વારસામાં મળેલ. સને : ૧૯૮૧ માં ભુજમાંથી બારમું ધોરણ વિજ્ઞાનપ્રવાહમાં ઉચ્ચ ગુણાંકે પાસ કરી અમદાવાદની પ્રખ્યાત એલ.ડી, કોલેજ ઓફ એન્જીનિયરીંગમાં પ્રવેશ મેળવ્યો. એ સમયમાં સામાન્ય પરિવારની દિકરીઓને અમદાવાદ મોકલવી એ માતા - પિતા માટે એક મોટો પડકાર હતો. પિતાની અદમ્ય ઈચ્છા અને સમાજની પરવા ન કરવા વાળા સ્વભાવના કારણે આ શકય બન્યું. માતાનો પણ ખૂબ સહયોગ રહ્યો. શરૂઆતનું પહેલું વર્ષ કોલેજમાં સીધું અંગ્રેજી માધ્યમમાં ભણવાનું હોવાથી ખૂબ કઠીન રહયું. સને : ૧૯૮૬ માં બી.ઈ.(મેકેનિકલ)ની ડિગ્રી મેળવી. ટૂંક સમયમાં લગ્ન થઇ ગયાં. પતિ વ્યવસાયે ડૉક્ટર. એ સમય દરમ્યાન નવી સરકારી ભરતીઓ પર પ્રતિબંધ આથી. સમય અને સંજોગો અનુસાર પ્રાઈવેટ સેકટરમાં નોકરી ન કરવાનો સર્વાનુમતે નિર્ણય લેવાયો અને સને : ૧૯૮૬ થી ૧૯૯૨ સુધી માત્ર હોમ મેકર જ રહી.. પરંતુ, કંઇક કરવાની ભાવના હજી મનમાંથી ગઇ ન હતી. સને ૧૯૯૨માં જી.પી.એસ.સી.ની પરીક્ષાની તૈયારી ચાલુ કરી અને ગુજરાતના 400 ઉમેદવારમાંથી 30 જ પાસ થયા એમાંથી પંદરમા ક્રમાંકે ઉત્તીર્ણ થઇ અને પ્રોફેશનલ કેરિયર બનાવવાનું સપનું ચાલુ થયું. પરંતુ હજી પણ કઠિન હતી કોઇ પણ કારણે ભરતીના ઓર્ડર થયા જ નહીં, તે છે જૂન 2000 માં પ્રથમ નિમણૂક રાજકોટના એરીગેશન ડિપાર્ટમેન્ટમાં મળી. વતન અંજાર થી ખૂબ દૂર નિમણૂક મળી પરંતુ પરિવારના સૌના સહયોગથી બધું જ શક્ય બન્યું એ ઇશ્વરની દયાથી 2001માં ભુજ ટ્રાન્સફર ફરી મળી ગઇ. ત્યારબાદ પ્રમોશન સાથે ગાંધીધામ ખાતે સરદાર સરોવર નર્મદા નિગમમાં નાયબ કાર્યપાલક ઇજનેર તરીકે કાર્યરત છુ.

કચ્છ શાખા નહેર જે નર્મદાના સિંચાઇના પાણી લાવે છે જેની શરૂઆત કચ્છમાં રોઝુ (સાંતલપુર પાસે)થી થાય છે અને છેક માંડવી થી આગળ બાળા સુધીની 350 કિલોમીટરની કેનાલ છે. આ સમગ્ર કેનાલના પાણી ને નિયંત્રિત કરતા મેકેનિકલ ગેટના ફેબ્રીકેશન અને ઇરેકશનની સંપૂર્ણ કામગીરીના ક્વોલેટી કંટ્રોલની ફરજ હાલ નીભાવ છુ. દરેક સ્ટ્રક્ચર પર વારંવાર સ્થળ મુલાકાત લઇ અને મારું કામ નિષ્ઠાપૂર્વક કરી આનંદ લઉં છુ, સાથે સાથે યોગ અને ફિટનેસ માં પણ બહુ રસ લઉં છુ. સ્વિમિંગ અને ડ્રાઇવિંગ પણ ખૂબ ગમે છે.

બસ હવે એકાદ વર્ષમાં નિવૃત્તિ બાદ યોગ અને ડાયટિશિયન ક્ષેત્રે આગળ વધી અને સમાજને ઉપયોગી થવાની ભાવના સેવું છુ.



**શ્રીમતી છાયાં ચૌહાણ**
વરસામેડી શાખા

એક પ્રખ્યાત કહેવત છે ને **"ગુજરાત કી હવા મે વ્યાપાર હે સાહેબ"** અને એમાં પણ જો તમે વેપારી પરિવારમાં જન્મ લીધો હોઇ તો વ્યાપાર કરવા ની આવડત લોહીમાં ભળેલી હોય, પછી શું ફરક પાડવાનો કે એ સ્ત્રી છે પુરુષ.

હું છાયાં ચૌહાણ, વ્યાપારી સયુંકત કુટુંબમાં જન્મ, અને ઉછેર, ફાર્મસી તથા Bsc micro સાથે સ્નાતક. રુશાન ફાર્મા કંપની તથા કેપિટલ ફૂડમાં QC માં microbiologist તરીકે શરૂઆત, ૨૦૧૦ થી ગાંધીધામ માં જ KPT હોસ્પીટલમાં ફરમાસિસ્ટ તરીકે ફરજ બજાવવાનું શરુ કર્યું. આપણે ત્યાં માનસિકતા એવી છે કે સરકારી નોકરી મળી જાય એટલે બેડો પર, સારો પગાર, પેન્શન વગેરે. પણ મારું મન અશાંત હતું, કંઇક ખૂટતું હોય એવું લાગતું હતું. મારી અંદરનું વ્યાપારીનું લોહી જાગ્યું અને મેં મારા પતિદેવ મનીષ સાથે વાત કરી કે મારે દવાઓનો વ્યાપાર કરવો છે. આખરે ૨૦૦૯ માં મે દવાનાં વ્યાપારમાં જંપલાવ્યું. શરૂઆતમાં મે આદિપુરમાં ભાડાની દુકાનથી મારો દવાનો વ્યાપાર ચાલુ કરેલો જે આગળ જતાં હું એ મિલકતને ખરીદતી ગઈ.

૨૦૧૪ માં વરસામેડીમાં બીજી દવાની દુકાન કરી એ પણ ખરીદી લીધી. મને કંઇ ને કંઇ નવું શીખવાની ધગશ એટલે એવાં માં એક્સપોર્ટ કરવાનો મોકો મળતાં મેં ભાગીદારીમાં આફ્રિકા ગરમ મસાલાનો વ્યાપાર શરૂ કર્યો જેમાં પણ મને સફળતા મળી. એની સાથે જ મે રીયલ એસ્ટેટમાં હાથ અજમાવવાનું શરૂ કર્યું. એમાં પણ મને સારી એવી સફળતા મળી અને અત્યારે પણ મળે છે.

હું એક વાત ગર્વ થી કહી શકું કે આજે ગાંધીધામની હું એક માત્ર નામી મહિલા રીયલ એસ્ટેટ એજન્ટ હોઇશ. સંતાનોને સપના પૂર્ણ કરવા વધુ અભ્યાસ અર્થે વિદેશમાં જવાનો પ્લાન થયો, અનેક વિકલ્પોનો વિચાર કરતાં સહપરિવાર કેનેડા સ્થાયી થવાનું નક્કી કર્યું, અનેક સંઘર્ષો નો સામનો કરતા કરતા ૧૮ મહિનાની સતત કોશિશ ને અંતે વિઝા પ્રોસેસ પરીક્ષા પાસ કરી, મારી વ્યવસાયની કુશળતા ને આધારે કેનેડામાં ભારતીય બ્રાન્ડનો સ્ટોર શરૂ કરવાની અનુમતિ મળી, આ સમય દરમ્યાન કોરોનાને કારણે લોકડાઉન આવ્યું અને કેનેડા સરકારને જરૂરી ડોક્યુમેન્ટ જમા ન કરાવી શક્યા, અનેક મુશ્કેલીઓને અંતે અહીંની સરકારી કચેરીઓ માંથી જરૂરી ડોક્યુમેન્ટ મેળવી કેનેડા ગવર્નમેન્ટમાં જમાં કર્યાં, બસ, હવે કોરોના ને કારણે ઊભી થયેલ પરિસ્થિતિ થાળે પડે એટલે સપનાઓ પૂરા કરવા કેનેડાની યાત્રા શરૂ. મિત્રો કહેવાનો તાત્પર્ય એટલો જ હતો કે વ્યાપાર એ ફક્ત પુરુષોનો ઇજારો નથી, મહિલાઓ એ પણ તેમાં જંપલાવું જોઇએ અને ઉદ્યોગિક સાહસિક બનવું જોઇએ.

મારી ઉદ્યોગીક સાહસિક તરીકે મારી ઇચ્છા છે કે જેમ વિદેશની બ્રાન્ડ ભારતમાં વેચાય છે એમ હું આપની ભારતની બ્રાન્ડ ભારતીય પ્રોડક્ટ દુનિયાનાં ખૂણા ખૂણા સુધી પહોંચાડી શકું.

## "મહિલાઓ નું ઉત્થાન કે અધોગતિ"

૮ માર્ચ એટલે " આંતરરાષ્ટ્રીય મહિલા દિન " - આ દિવસ ઉજવવા માટેનો હેતુ, વિશ્વની અડધી જનસંખ્યા એટલેકે નારી ઉત્કર્ષ માટે લોકજાગૃતિ લાવવાનો છે.

એક તરફ વિજ્ઞાન અને ટેકનોલોજી જેવાં ક્ષેત્રોમાં મહિલા પોતાનું યોગદાન આપી રહી છે. તો, બીજી તરફ કેટલાય કુરિવાજો તથા રૂઢીઓનું વલણ સમાજમાં જોવા મળે છે, ખાસ કરીને ભારત જેવા દેશમાં અને ગુજરાત રાજ્યમાં પણ સરકાર કન્યા કેળવણી, બેટી બચાવો, સ્ત્રી ભૃણ હત્યા નિવારણ જેવા અભિયાન ચલાવી સ્ત્રીઓનું રક્ષણ કરવાનો પ્રયાસ કરી રહી છે. આપણા ધાર્મિક ગ્રંથો માં સ્ત્રીને શક્તિનું રૂપ ગણવામાં આવ્યું છે. પણ, સ્ત્રીના નિમ્ન સ્થાન માટે કે સ્ત્રીનું સ્તર નીચું લઇ જવા માટે આપણા સમાજના મહાન્યાતાઓ મુખ્ય ભૂમિકા ભજવી રહ્યા છે, એ અફસોસ ની વાત છે.

સવાલ એ જન્મે છે, કે આધુનિક યુગમાં શિક્ષણ અને ટેકનોલોજી ના ક્ષેત્રે હરણફાળ પ્રગતિ કરી હોવા છતાં, પ્રાચીન સમય કરતા આધુનિક યુગ માં સ્ત્રીઓનું સ્થાન વધુ ને વધુ નીચે ઉતરતું જોવા મળી રહ્યું છે. તો તેને માટેના જવાબદાર પરિબળો ક્યા ક્યા છે? તો તેનો જવાબ આપણેજ શોધી શકીએ એમ છીએ, એક તો સ્ત્રી પોતાની જાત પ્રત્યે વાસ્તવમાં સભાન નથી. બીજું દુરંદેશી વિચાર દ્રષ્ટી નો અભાવ જોવા મળે છે અને ત્રીજું, સ્ત્રી, સ્ત્રીનીજ દુશ્મન બને છે. આવું કેમ? આવું શા માટે? સ્ત્રીના અનેક સ્વરૂપો છે. દીકરી, પત્ની, માતા, વગેરે વગેરે... સ્ત્રી પોતાના સ્ત્રીત્વ ને શા માટે જાળવતી નથી? પોતાનું નૈતિક મૂલ્ય તૂટી જાય તેવા કૃત્યો શા માટે કરવા લાગી છે?

ભારતીય સંસ્કૃતિના વાહક તરીકે સૌથી મોટી જવાબદારી સ્ત્રીના હાથમાં છે. તંદુરસ્ત સમાજનો આધાર તંદુરસ્ત કુટુંબ પર રહેલો છે. આ મહત્વનું કાર્ય સ્ત્રીઓના હાથમાં છે. સમાજની જીવાદોરી સમાન સ્ત્રી ના અનેક કાર્યો છે, જે સ્ત્રીઓએ નિષ્ઠા પૂર્વક નિભાવવા જોઇએ, મારા મંતવ્ય પ્રમાણે, સ્ત્રી-પુરુષ એ સમાજના બે પૈડા છે, ત્યારે સ્ત્રીઓએ પોતાની નૈતિક ફરજ સમજીને સમાજમાં પોતાનું મહત્વનું યોગદાન આપવાનું હોય છે. . ભલે સરકારશ્રી દ્વારા સ્ત્રી ઉત્થાન માટેના ગમે તેવા કાયદાઓ બનાવવામાં આવે, પણ સૌ પ્રથમ સ્ત્રીઓએ પોતાના મોરલ ને જાળવવું પડશે અર્થાત્ સ્ત્રીત્વ ને જાળવવું ખુબ જરૂરી છે. ભારતીય સંસ્કૃતિની ગરિમા જળવાઈ રહે તે રીતે આપણે આપણા સંસ્કૃતિ રૂપ મુલ્યો, વિચારોને અનુસરીને સામાજિક જીવન જીવવાનું શીખવું પડશે. ખાસ કરીને દબાયેલી, કચડાયેલી અને પીડિત મહિલાઓના ઉત્થાન અને વિમુક્તિ માટે આ યોજનાનો અમલ કરવામાં આવ્યો છે. આ એક પ્રશંસનીય અને આવકાર દાયક પગલાં સ્વરૂપે સ્વીકારી શકાય તેમ છે, આજ દિન સુધીમાં ઘણી સ્ત્રીઓ સૌથી ઊંચા સ્થાન ઉપર બિરાજમાન છે. અવકાશયાત્રી, વૈજ્ઞાનિક, ડોક્ટર, વડાપ્રધાન, સમાજ સેવિકા, એજીનીયર બનીને પોતાના વાસ્તવિક જીવનમાં વાસ્તવિક સશક્ત બને જ છે.

અંતમાં હું સ્ત્રીઓ તરફ અંગુલીનિર્દેશન કરું છું, કે સમાજમાં સ્ત્રીઓ માનસિક સભાનતા પૂર્વક પોતાનું ઉન્નત જીવન જીવે, દરેક પ્રકારના કાર્યો દ્રઢતા પૂર્વક અને આત્મવિશ્વાસ થી કરે અને પોતે એક સ્ત્રી હોવાનું ગૌરવ લે, પોતાને નિમ્ન અને અબળા ગણવાની કશીજ જરૂર નથી. એમણે જો પુરુષોની સમકક્ષ ઉભું રહેવું હોય તો પોતાની જાતને નીડર બનાવવી પડશે. કોઇના પણ ખોટી રીતના દબાવમાં પોતાની જીંદગી વ્યતીત કરવાની - વેડફવાની કશીજ જરૂર નથી. તો તેનું ઉત્થાન સમાજમાં સુનિશ્ચિત છે જ.



**પ્રો. ડો. હસુમતીબેન વ્યાસ.**
ભારત વિકાસ પરિષદ
જૂનાગઢ શાખા.



**ભારત વિકાસ પરિષદ- નટરાજનગર શાખા** દ્વારા ૮મી માર્ચના "આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ" નિમિત્તે તારીખ ૦૬/૦૩/૨૧ શનિવારના રોજ મહિલા સદસ્યો માટે **કેન્સર જાગૃતિ અને પરિસંવાદ સેમિનાર**નું આયોજન શાખાના કાર્યાલય પર કરવામાં આવેલ. જેમાં જામનગરના ડૉ.શિલ્પાબેન ચુડાસમા, એમડી, રેડીયોલોજીસ્ટ દ્વારા કેન્સર જાગૃતિ,નિદાન તેમજ નિવારણ વિશે પોતાની સરળ શૈલીમાં મલ્ટીમીડિયા ના માધ્યમથી ખુબ જ સરસ માર્ગદર્શન આપેલ. સાથે જ મહિલા સદસ્યોને ઉદ્દભવેલા પ્રશ્નોનાં પણ ખૂબ જ સરળ ભાષામાં જવાબ આપેલ.

## ભારત વિકાસ પરિષદ,સૌ.કચ્છ પ્રાંત ની 23મી તથા ગુજરાત ની 73મી પોરબંદર શાખાનો થયો પ્રારંભ



પોરબંદર શાખાનો તા.7.3.2021, રવિવારના રોજ અધ્યક્ષ શ્રી પ.પુ.પા.108 જયવલ્લભમહોદય શ્રી તથા મુખ્ય અતિથિ શાસ્ત્રી શ્રી સ્વામી ભાનુપ્રસાદજી તેમજ અતિથિ વિશેષ શ્રી ડો. સુરેશભાઇ ગાંધીની ઉપસ્થિતિ સાથે ભા. વિ. પ. સૌ.કચ્છ પ્રાંત ના ટ્રસ્ટી શ્રી વિઠ્ઠલભાઇ, પ્રાંત પ્રમુખ શ્રી પ્રફુલ્લભાઇ , પ્રાંત મહામંત્રી શ્રી વિનોદભાઇ, પ્રાંત કોષાધ્યક્ષ શ્રી હેમંતભાઇ, પ્રાંત સંગઠન મંત્રી શ્રી કિરીટભાઇ, વિભાગીય મંત્રી શ્રી સુનીલભાઇ વગેરેની વિશેષ ઉપસ્થિતિ રહી.

પોરબંદર શાખાના અધ્યક્ષ તરીકે શ્રી કમલેશભાઇ ખોખરી, ઉપાધ્યક્ષ શ્રી વિનેશભાઇ ગૌસ્વામી, મંત્રી શ્રી નિધીબેન શાહ, ખજાનચી શ્રી નયનભાઇ ગોટેચા, મહિલા સંયોજીકા શ્રી નિવેદિતાબેન જોશી, સંગઠન મંત્રી શ્રી નીલેશભાઇ રૂઘાણી, ની ઘોષણા કરવામાં આવેલ,

ઉદ્ઘાટન સમારોહ સાથેજ સહયોગી સંસ્થાઓ ના સહયોગથી દિવ્યાંગ કેમ્પ નું આયોજન કરવામાં આવેલ જેમાં 180 જેટલા લાભાર્થીઓ એ લાભ લીધેલ.